Monday, 09 March 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક


गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906




દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૭૧ ● સંવત-૨૦૮૨ ફાગણ વદ છઠ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

### ‘આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ’ નિમિત્તે સંઘપ્રદેશમાં રમત-ગમતનો ઉત્સાહ

# દમણ અને ખાનવેલમાં ૬૦૦ મહિલા ખેલાડીઓએ પોતાની પ્રતિભા દર્શાવી











**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, સેલવાસ, તા.૦૮**

૮ માર્ચ, ૨૦૨૬ના રોજ ‘આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ’ નિમિત્તે, કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં રમત-ગમત અને યુવા બાબતોના વિભાગ દ્વારા મહિલાઓ માટે વિવિધ રમત-ગમત સ્પર્ધાઓની એક ભવ્ય અને સફળ શ્રેણીનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમોનું આયોજન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની ‘મહિલા સશક્તિકરણ’ અને ‘ફિટ ઈન્ડિયા’ પહેલ અંતર્ગત કરવામાં આવ્યું હતું.

સંઘપ્રદેશના રમત-ગમત અને યુવા બાબતો વિભાગના સચિવ ડૉ. અરુણ ટી.ના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં રમત-ગમત અને યુવા બાબતો વિભાગના નિયામક શ્રી અરુણ ગુપ્તા મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા. આ અવસરે તાલીમાર્થી મહિલા નૃત્ય અધિકારીઓ ડૉ. અંકિતા, નિધિ અને મંજુશ્રી દત્તારાવ પંચાલ પણ હાજર રહ્યા હતા.

આ અવસરે રમત-ગમત અને યુવા બાબતો વિભાગના નિયામક શ્રી અરુણ ગુપ્તાએ પોતાના સંબોધનમાં રમતવીરો અને સહભાગીઓને ‘આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ’ના મહત્ત્વ વિશે માહિતી આપી હતી અને મહિલાઓને રમત-ગમત દ્વારા પોતાને સશક્ત બનાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

દમણ અને ખાનવેલમાં યોજાયેલી આ સ્પર્ધાઓમાં ચેસ, કેરમ (સિંગલ્સ અને ડબલ્સ), યોગ, કરાટે, ૧૦૦ મીટર દોડ, શોટ પુટ(ગોળાફેં), વોલીબોલ અને ફૂટબોલ જેવી રમતોનો સમાવેશ થતો હતો. વિવિધ વય જૂથોની કુલ ૬૦૦ મહિલા ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક આ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો અને તેમની પ્રતિભા દર્શાવી હતી.

આ કાર્યક્રમ દરમિયાન, આંતરરાષ્ટ્રીય જિમ્નાસ્ટ શ્રીમતી શ્રેયા રસ્તોગીને રમત-ગમત અને યુવા બાબતોના વિભાગ દ્વારા વર્ષ દરમિયાન તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ ખાસ સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના સમાપન સમયે, વિજેતા ખેલાડીઓને ટ્રોફી, મેડલ અને રમત-ગમતના સાધનોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. વિભાગના અધિકારી શ્રી અક્ષય કોટલવારે માહિતી આપી હતી કે, આ કાર્યક્રમને સફળ બનાવવામાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ નોંધપાત્ર સહયોગ આપ્યો હતો.

સ્પર્ધાઓના મુખ્ય પરિણામોમાં, દાદરા નગર હવેલીની ટીમ વોલીબોલમાં પ્રથમ, ખેલો ઈન્ડિયા સેન્ટર દમણ બીજા અને સરકારી એન્જિનિયરિંગ કોલેજ દમણ ત્રીજા સ્થાને રહી હતી. અંડર-૧૪ કેરમ શ્રેણીમાં, રુકૈયા બાનો પ્રથમ, શ્રેયા ચૌધરી બીજા અને નવ્યા સિંહ ત્રીજા સ્થાને રહી હતી. અંડર-૧૭ કેટેગરીમાં, આસ્થા કેશવા પ્રથમ, સ્વાતિ કવાહણે બીજા અને શાલિની પાસવાન ત્રીજા ક્રમે રહ્યા હતા. ઓપન મહિલા કેટેગરીમાં, નજીબ દાવર પ્રથમ, સના દાવર બીજા અને શ્રેયા સિંહ ત્રીજા ક્રમે રહ્યા હતા.

એથ્લેટિક્સ ૧૦૦ મીટર અંડર-૧૪ કેટેગરીમાં, પ્રીતિ ઠાકુર પ્રથમ, અર્ચના સિંહ બીજા અને રાધા પાસવાન ત્રીજા ક્રમે રહ્યા હતા. અંડર-૧૭ કેટેગરીમાં, નેહા પાસવાન પ્રથમ, મોનિકા નિલેશ બીજા અને સ્નેહા નાગરજી ત્રીજા ક્રમે રહ્યા જ્યારે ઓપન મહિલા કેટેગરીમાં, નૈના ચૌધરી પ્રથમ, જીગીશા જગતા બીજા અને નીમી દેવનાથ ત્રીજા ક્રમે રહ્યા હતા. અંડર-૧૪ ચેસ કેટેગરીમાં હર્ષદા પાટિલ પ્રથમ, પ્રણિતા પાગરે બીજા અને ભક્તિ ભાવસર ત્રીજા ક્રમે રહ્યા હતા. અંડર-૧૭ કેટેગરીમાં, મનાલી મંડલ પ્રથમ, ઉત્કર્ષી મિશ્રા બીજા અને કિંજલ બાવને ત્રીજા ક્રમે રહ્યા. ઓપન વિમેન્સ કેટેગરીમાં, આઈમન ફાતિમા પ્રથમ, કૃતિકા શર્મા બીજા અને મોનિકા સિંહ ત્રીજા સ્થાને રહી હતી.

આ ઈવેન્ટનો મુખ્ય ઉદ્દેશ્ય મહિલાઓને રમત-ગમત દ્વારા સ્વસ્થ, ફિટ અને સશક્ત જીવનશૈલી અપનાવવા અને સમાજમાં રમત-ગમત અને ફિટનેસની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો હતો. તાલુકા સ્પોર્ટ્સ કો-ઓર્ડિનેટર શ્રી દેવરાજ સિંહ રાઠોડ, વિભાગના કોચ શ્રી સતીશ ગજ્જર, શ્રી સોહિલ ટંડેલ, શ્રી બિપિન પરમાર, કરિશ્મા ચૌહાણ, શ્રી વિક્રમ મિશ્રા, પાયલ પરમાર, રાધાકૃષ્ણ, હિના ગામિત અને વિવિધ શાળાઓના શારીરિક શિક્ષણ શિક્ષકોએ આ ઈવેન્ટને સફળ બનાવવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું.

અત્રે ઉલ્લેખનીય છે કે, સંઘપ્રદેશ દાદરા નગર હવેલી એક આદિવાસી બહુલ પ્રદેશ છે. જ્યારે દમણમાં પણ આદિવાસીઓની વસતી મોટાપ્રમાણમાં છે. પરંતુ સંઘપ્રદેશમાં આયોજીત આ મહિલાઓ માટેની સ્પર્ધામાં એકાદ-બેને છોડતાં ક્યાંય પણ આદિવાસીઓ કે સંઘપ્રદેશની સ્થાનિક મહિલાઓને સામેલ કરી હોય એવું જણાતું નથી. તો એવી રીતે મહિલા સશક્તિકરણ થશે...?

### ‘આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ’ના ઉપલક્ષમાં

# પ્રદેશ ભાજપ મહિલા મોરચા દ્વારા સેલવાસમાં મહિલા સશક્તિકરણ-સન્માન કાર્યક્રમ યોજાયો








**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૦૮**

દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભાજપ મહિલા મોરચા દ્વારા ૮મી માર્ચના રોજ ‘આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ’ નિમિત્તે, મહિલા સશક્તિકરણ અને મહિલાઓ પ્રત્યેના સન્માનને પ્રોત્સાહન આપવાના હેતુથી સેલવાસના કલા કેન્દ્રના ઓડિટોરિયમ હોલ ખાતે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

- (વધુ પાના નં.૨ પર)

### શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજ્યકક્ષા) વલસાડ જિલ્લા મહિલા વિભાગ દ્વારા

# ‘વિશ્વ મહિલા દિવસ’ની ઉજવણી નિમિત્તે સાસુ-વહુ સન્માન સમારોહ યોજાયો

**કાર્યક્રમના વિશેષ અતિથિ તરીકે ‘દામિની વુમન્સ ફાઉન્ડેશન-દમણ’ની અધ્યક્ષા સિમ્પલબેન કાટેલાની રહેલી ઉપસ્થિતિ**




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૦૮**

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજ્યકક્ષા) વલસાડ જિલ્લા મહિલા વિભાગ દ્વારા ‘વિશ્વ મહિલા દિવસ’ની ઉજવણી નિમિત્તે ‘સાસુ-વહુ સન્માન સમારોહ ૨૦૨૬’નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ આનંદમય વાતાવરણમાં યોજાયો અને સમાજની અનેક મહિલાઓ ઉપસ્થિત રહી. કાર્યક્રમમાં ‘દામિની વુમન્સ ફાઉન્ડેશન, દમણ’ની અધ્યક્ષા શ્રીમતી સિમ્પલબેન કાટેલા વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

- (વધુ પાના નં.૨ પર)

### ‘આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ’ની ઉજવણીના ભાગરૂપે

# જીએનએલયુ-સેલવાસ કેમ્પસના વિદ્યાર્થીઓએ દમણ બીચ પર યોજેલી ‘સમાનતા માટે માર્ચ’



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૦૮**

ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી (જીએનએલયુ)-સેલવાસ કેમ્પસના વિદ્યાર્થીઓએ જેન્ડર સેન્સીટાઈઝેશન કમિટીના નેજા હેઠળ આજે ‘આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ’ની ઉજવણીના ભાગ રૂપે મોટી દમણના રામસેતૂ બીચ પર ‘સમાનતા માટે માર્ચ’નું આયોજન કર્યું હતું.

આ કાર્યક્રમ સમિતિની જાતિ, જાગૃતિ અને સમાનતાને પ્રોત્સાહન આપવા માટે સમર્પિત પહેલોની શ્રેણીના ચોથા દિવસે ઉજવવામાં આવ્યો હતો. ‘સમાનતા માટે માર્ચ’ મોટી દમણના લાઈટહાઉસથી રામસેતૂ બીચ પર લગભગ બે કલાક સુધી ૨ કિમીથી વધુ ચાલી હતી, જે દરમિયાન વિદ્યાર્થીઓએ જાતિ સમાનતા અને મહિલા સશક્તિકરણની હિમાયત કરતા સૂત્રોચ્ચાર કર્યા હતા.

જેમ જેમ કૂચ આગળ વધતી ગઈ, તેમ તેમ ઘણા લોકોએ સહભાગીઓ સાથે મુલાકાત કરી હતી. વિદ્યાર્થીઓએ મુલાકાતીઓ અને સ્થાનિક રહેવાસીઓ સાથે વાતચીત પણ કરી હતી અને ‘આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ’ના મહત્વ વિશે જાગૃતિ ફેલાવતા આ વર્ષની થીમ,

- (વધુ પાના નં.૨ પર)

## ૧૮મી પુણ્યતિથિએ હાર્દિક શ્રધ્ધાંજલિ



**સ્વ.નરસિંહભાઈ દુર્લભભાઈ રોહિત**
**જન્મ તા.૦૧-૦૩-૧૯૪૭ સ્વ.તા.૦૯-૦૩-૨૦૦૮**

આપનું વ્યક્તિત્વ અમારી પ્રેરણા હતી, આપની ઉપસ્થિતિ અમારી હુંફ, પરિવાર આપનું મંદિર હતું, સ્નેહ આપની શકિત, પરિશ્રમ આપનું કર્તવ્ય હતું, સત્કાર્યો આપની શોભા, સજ્જનતા આપની સુવાસ હતી, પ્રસન્નતા આપનું જીવન, સત્કર્મો અને સદ્‌ભાવના સભર જીવન જીવનાર પરિશ્રમ અને પરોપકારના મૂર્તિમંત સ્વરૂપ એવા આપને આપનો પરિવાર આજના દિને કોટિ કોટિ વંદન સહ સ્નેહ સભર શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે. તમારો લાગણી ભર્યો સ્વભાવ અને અમારા સૌ સાથેના આત્મીય લગાવ હંમેશા યાદ રહેશે.

**લિ. ગં.સ્વ.શાંતિબેન નરસિંહભાઈ રોહિત**

અનિલભાઈ નરસિંહભાઈ રોહિત | સંગીતાબેન અનિલ રોહિત
પુષ્પાબેન કનૈયાલાલ રોહિત | દક્ષાબેન નવિનભાઈ રોહિત
દર્શનાબેન ગણેશભાઈ રોહિત | હર્ષિલ અનિલ રોહિત

ચૈતાલી, ચૈતન્ય, વૈદેહિ, હિત્વાંશુ

નિવાસ સ્થાન : સદ્‌ગુરૂ કૃપા ડ્રીમલેન્ડ સિનેમાની પાછળ, આમાળી, સેલવાસ (દા.ન.હ.)




## સુવિચાર - સદ્‌વિચાર

સફળતા માટે સતત શીખતા રહો.

## કવિતા-ભજન-પદ-ગરબા

### રામબાણ વાગ્યાં હોય તે જાણે

રામબાણ વાગ્યાં હોય તે જાણે! પ્રભુનાં બાણ વાગ્યાં હોય તે જાણે;
ઓલ્યા મૂરખ મનમાં શું આણે? રામબાણ વાગ્યાં હોય તે જાણે.

ધ્રુવને લાગ્યાં, પ્રહલાદને લાગ્યાં, તે ઠરીને બેઠા રે ઠેકાણે;
ગર્ભવાસમાં શુકદેવજીને લાગ્યાં, એ તો વેદ-વચન પ્રમાણે. રામબાણ૦

મોરધ્વજ રાજાનું મન હરી લેવા હરિ આવ્યા જે ટાણે;
લઈ કરવત મસ્તક પર મેલ્યું, પત્ની-પુત્ર બેઉ તાણે. રામબાણ૦

મીરાંબાઈ ઉપર ક્રોધ કરીને, રાણોજી ખડ્ગ જ તાણે;
વિષના પ્યાલા ગિરધરલાલે આરોગ્યા, એ તો અમૃતને ઠેકાણે. રામબાણ૦

નરસિંહ મહેતાની હૂંડી સ્વીકારી, ખેપ ભરી ખરે ટાણે;
આગળ સંત અનેક ઓધાર્યા, એવું ધનો ભગત ઉર આણે. રામબાણ૦

- ધનો

## આજની જોક

શું આ રાક્ષસો એટલા બધા સુખી હતા,
કે હંમેશા હસતા જ રહેતા...
હાહાહાહા !!

## કબીર વાણી

**માટી કેરા પુતલા, માણસ ધર્યા નામ;**
**દિન દો ચાર કારણે, ફિર ફિર રોકે ઠામ.**

**- અર્થાત-**

માટીનું બનાવેલાં પુતળાં જેવું આ શરીર માત્ર એક પુતળું છે, જે માણસનું અમૂક નામ ધારણ કરે છે અને એ પુતળુંજ થોડાક દિવસના અમૂક કાર્ય માટે, અમૂક અવતાર લઈ, વારંવાર આ ધરતિ પર આવી અમૂક જગ્યા રોકે છે.

## આજનો દિન વિશેષ

### નવલરામ પંડ્યા



નવલરામ લક્ષ્મીરામ પંડ્યા (૯ માર્ચ ૧૮૩૬ - ૭ ઓગસ્ટ ૧૮૮૮) એક ગુજરાતી વિવેચક, નાટ્યકાર, કવિ, નિબંધકાર, સંપાદક અને શિક્ષણશાસ્ત્રી હતા. તેમને આધુનિક ગુજરાતી સાહિત્યમાં સૌથી મહત્વપૂર્ણ વ્યક્તિ માનવામાં આવે છે. પ્રથમ હાસ્યલેખક, પ્રથમ ઐતિહાસિક નાટ્યકાર, પ્રથમ વિવેચક અને તેમના યુગના અગ્રણી વિદ્વાન, નવલરામ મણિલાલ દ્વિવેદી, ગોવર્ધનરામ ત્રિપાઠી અને નરસિંહરાવ દિવેટિયા જેવા લેખકોની નવી પેઢીના પ્રથમ નેતા હતા. તેમના લખાણોમાં ફિલસૂફી, દેશભક્તિ, સુધારા, શિક્ષણ, પત્રકારત્વ, વ્યાકરણ અને સાહિત્ય સહિત અનેક ક્ષેત્રોનો સમાવેશ થાય છે.

નવલરામનો જન્મ ૯ માર્ચ ૧૮૩૬ના રોજ સુરત (હાલ ગુજરાતમાં) માં નંદકોર અને લક્ષ્મીરામ પંડ્યાને ત્યાં થયો હતો. બાળપણમાં શારીરિક રીતે નબળા હોવા છતાં, તેઓ રમતોમાં બહુ રસ ધરાવતા નહોતા અને સ્વભાવે અંતર્મુખી હતા. અગિયાર વર્ષની ઉંમરે, તેમણે અંતિમ સ્થાનિક પરીક્ષા પાસ કરી અને ફ્રી મેરિટ સ્કોલર તરીકે અંગ્રેજી શાળામાં પ્રવેશ મેળવ્યો. તેમણે ૧૮૫૩માં મેટ્રિક્યુલેશન પરીક્ષા પાસ કરી. ગણિતમાં તેઓ પ્રતિભાશાળી હોવા છતાં, તેઓ કોલેજ ગયા નહીં અને ૧૮૫૪માં સુરતની અંગ્રેજી હાઈ સ્કૂલમાં વધારાના શિક્ષક તરીકે જોડાયા. ત્યાંથી તેઓ ડીસા ગયા અને એંગ્લો વર્નાક્યુલર સ્કૂલમાં જોડાયા. પછી તેઓ અમદાવાદ ટ્રેનિંગ કોલેજના સહાયક આચાર્ય બન્યા અને ૧૮૭૦ થી ૧૮૭૬ સુધી ત્યાં કામ કર્યું. ૧૮૭૬માં, તેઓ રાજકોટ ટ્રેનિંગ કોલેજના આચાર્ય બન્યા અને ૭ ઓગસ્ટ ૧૮૮૮ના રોજ તેમના મૃત્યુ સુધી ત્યાં રહ્યા.૧૮૪૭માં, ૧૧ વર્ષની ઉંમરે, તેમણે શિવગૌરી સાથે લગ્ન કર્યા, જેનું લગ્નના ૧૦ મહિના પછી અવસાન થયું. તેમના બીજા લગ્ન ૧૮૫૦માં મણિગૌરી સાથે થયા. તેમના પુત્ર, ધીમાત્રમનો જન્મ ૧૮૬૭માં થયો હતો, જ્યારે તેમની પુત્રી, કમલાનો જન્મ ૧૮૭૧માં થયો હતો.ગોવર્ધનરામ ત્રિપાઠી અને વિજયરાય વૈદ્યએ અનુક્રમે નવલરામ લક્ષ્મીરામ ની જીવનકથા (૧૯૪૦) અને શુક્ર તારક (૧૯૪૪) તરીકે તેમનું જીવનચરિત્ર પ્રકાશિત કર્યું.

## આધ્યાત્મ : ક્લેશરહિત જીવન

ક્લેશરહિત જીવન જીવવાની કળા : સંસાર વ્યવહારમાં આપણે કહેતાં હોઈએ છીએ કે, 'વાવો તેવું લણો!', તમે બીજાનું નુકસાન કરશો તો તમારું નુકસાન થશે. પણ નુકસાન થતું કઈ રીતે અટકાવવું તેની સમજણ પ્રાપ્ત થતી નથી. મા-બાપની સેવા કરવી જોઈએ, બીજાનું ભલું કરવું જોઈએ તો સુખી થવાય, પણ કઈ રીતે કરવું એની પ્રેક્ટિકલ રીત જડતી નથી. પરિણામે, ગણિતમાં રકમ આપીને જવાબ બતાવી દીધો હોય, પણ દાખલો ગણવાની રીત ન આપી હોય ત્યારે જે ગૂંચવાડો થાય તેવી દશા લોકોની થાય છે. જેમ કોઈ મશીન બગડ્યું હોયને અવાજ કરતું હોય તો ઠોકાઠોક કરીએ કે, 'નકામું છે, આ લોકો સસ્તા મશીન આપે છે, પૈસા પડાવે છે.' તો કકળાટ વધે. એને બદલે વિગતમાં જવું પડે કે મશીન ક્યાં અટકે છે? કયો પાર્ટ બગડ્યો છે? પછી બગડેલા પાર્ટને રિપ્લેસ કરીએ ત્યારે મશીન ચાલુ થાય અથવા ખખડતા પાર્ટ પર લૂબ્રિકેશન કરીએ તો અવાજ બંધ થાય. આને વ્યવહારિક કળા કહેવાય છે. આવી જ વ્યવહારિક કળા વ્યક્તિઓ સાથેના વ્યવહારમાં પણ આવડવી જોઈએ. જુદા જુદા પ્રકારના વ્યવહારના સોલ્યુશન માટે જુદી જુદી કળાઓ જોઈએ તો જીવનમાંથી ક્લેશ દૂર થાય.

**મનુષ્ય જીવનનો ધ્યેય :** જીવનનૈયાને કઈ મંઝિલે પહોંચાડવી છે તે નક્કી કર્યા વિના, દિશા જાણ્યા વિના એને હંકાર્યે જ જઈએ તો મંઝિલ ક્યાંથી મળે? હલેસાં મારી મારીને થાકી જવાય, હારી જવાય ને અંતે મધદરિયે ડૂબી જવાય. આપણને વિચાર આવવો જોઈએ કે સંસારમાં મારા જીવનનો હેતુ શો છે?

ભારતમાં ક્રૂડ ઓઈલ કરતાં ગેસ પુરવઠાની અછત સર્જાઈ

# ઓસ્ટ્રેલિયા-કેનેડાએ ભારત તરફ મદદનો હાથ લંબાવ્યો

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી, તા.૦૮**

મધ્ય-પૂર્વમાં યુદ્ધના કારણે ઈરાને દુનિયાના ક્રૂડ ઓઈલના પૂરવઠાની સૌથી મોટી સપ્લાય ચેઈન હોર્મુઝની ખાડીમાં ગેસ અને ઓઈલ ટેક્કરોના પરીવહન પર પ્રતિબંધ મૂકી દેતાં દુનિયામાં ઓઈલ કટોકટી સર્જાઈ છે. આવા સમયે ભારતમાં ક્રૂડ ઓઈલ કરતાં ગેસ પુરવઠાની અછત સર્જાઈ શકે છે.

જોકે, હવે ઓસ્ટ્રેલિયા અને કેનેડાએ ભારતને વધારાનો ગેસ પૂરો પાડવા તૈયારી બતાવી છે. એટલું જ નહીં ભારતે તેના ક્રૂડ ઓઈલ અને ગેસની ખરીદીના સ્રોત વધાર્યા છે. બીજીબાજુ ભારતે ૧૧ મહિનામાં જ બીજી વખત રાંધણ ગેસના ભાવમાં તોતિંગ વધારો કર્યો છે.

મધ્ય-પૂર્વમાં અમેરિકા અને ઈઝરાયેલના ઈરાન સામે સંયુક્ત યુદ્ધના પગલે દુનિયભારમાં ઊર્જા કટોકટીની આશંકા પ્રવર્તી રહી છે. આવા સમયે ભારતે પણ તેના વૈકલ્પિક ઊર્જા સ્રોતો મારફત તેની ઊર્જા સુરક્ષાને મજબૂત કરવાનું વલણ અપનાવ્યું છે. આ સંજોગોમાં ઓસ્ટ્રેલિયા, કેનેડા અને અન્ય કેટલાક દેશોએ ભારતને વધારાનો ગેસ પુરવઠો ઓફર કર્યો છે તેમ સરકારી સૂત્રોએ શનિવારે જણાવ્યું હતું.

મધ્ય-પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધના કારણે ઈરાને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ બંધ કરી હોવાની બાબતને ટાંકીને સરકારી સૂત્રોએ કહ્યું કે, ભારત માટે તેની ક્રૂડ આયાતો માટે આ જ એકમાત્ર માર્ગ નથી. તેમણે ખાતરી આપી કે એક જ જળમાર્ગે પર ભારતની નિર્ભરતાનો સમય પૂરો થઈ ગયો છે.

ભારતે તેની ઊર્જા સુરક્ષા માટે અનેક વિવિધ સ્રોતો પાસેથી ક્રૂડ ઓઈલ અને ગેસની ખરીદીના વિકલ્પો ઘણા સમય પહેલા જ અપનાવી લીધા હતા. ભારત હાલમાં રશિયા, પશ્ચિમ આફ્રિકા, અમેરિકા, મધ્ય એશિયા અને નોન ગલ્ફ મીડલ ઈસ્ટર્ન માર્ગોથી ઊર્જા સંશાધનોની આયાત કરે છે. આથી કોઈ એક કોરીડોરમાં વિક્ષેપથી પુરવઠો ખોરવાતો નથી.

ભારતે છેલ્લા ૧૦ વર્ષમાં તેની ક્રૂડ ઓઈલની જરૂરિયાતો માટેના સ્રોત ૨૭ દેશોથી વધારીને ૪૦ દેશ કરી નાંખ્યા છે, જે છ ખંડોમાં ફેલાયેલા છે. આથી મધ્ય-પૂર્વના યુદ્ધની ભારતની ઊર્જા સુરક્ષા પર ગંભીર અસર નહીં થાય અને ભારતમાં પેટ્રોલ-ડીઝલની કોઈ અછત નહીં સર્જાય.

ભારતની માત્ર ૪૦ ટકા ક્રૂડ આયાતો હોર્મુઝની ખાડીમાંથી પસાર થાય છે જ્યારે બાકીની ૬૦ ટકા જરૂરિયાતો અન્ય માર્ગો પરથી આવે છે, જેના પર આ યુદ્ધની કોઈ અસર પડી નથી. ભારત તેની ઊર્જા સુરક્ષાને મજબૂત કરવા માટે વૈકલ્પિક સંશાધનોની શોધ ચાલુ રાખશે.



ભારતને વધારાનો ગેસ પૂરો પાડવા તૈયારી બતાવી છે

૫ રાજ્યોમાંથી ગાયબ થયા હતા બાળકો

# ગાયબ થયેલા ૭૫,૦૦૦ ગરીબ બાળકો કેરળના અનાથાશ્રમમાંથી મળ્યા

**આ બાળકોને માત્ર ધર્મ પરિવર્તનના હેતુથી કિડનેપ કરીને કેરળના અનાથાલયોમાં મોકલવામાં આવ્યા હતા**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૮**



તાજેતરમાં સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં લેખક અક્ષત ગુપ્તાએ ભારતમાં બાળકોના અપહરણ અને તેમના ગેરકાયદેસર ધર્મ પરિવર્તન અંગે ગંભીર ચર્ચાઓ કરી છે. આ ચર્ચા મુજબ, સુપ્રીમ કોર્ટમાં એક અત્યંત મહત્વનો કેસ પેન્ડિંગ છે, જે પાંચ રાજ્યો ઝારખંડ, બિહાર, ઓડિશા, પશ્ચિમ બંગાળ અને આસામમાંથી ગાયબ થયેલા બાળકો સાથે જોડાયેલો છે.

આંકડાઓ મુજબ, આ પાંચ રાજ્યોમાંથી અંદાજે ૭૫,૦૦૦ ગરીબ બાળકો ગાયબ થયા હતા. જ્યારે પોલીસ તપાસમાં કોઈ સફળતા ન મળી, ત્યારે બાદમાં જાણવા મળ્યું કે આ તમામ બાળકો કેરળના વિવિધ અનાથાલયોમાં રાખવામાં આવ્યા હતા.

જસ્ટિસ અશોક ભૂષણ, જેઓ તે સમયે કેરળ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ હતા, તેમણે આ મામલે CBI તપાસના આદેશ આપ્યા હતા. તપાસમાં એવું બહાર આવ્યું કે આ બાળકોને માત્ર ધર્મ પરિવર્તન કરવાના હેતુથી જ કિડનેપ કરવામાં આવ્યા હતા. કેરળના આ કેન્દ્રોમાં બાળકોના નામ બદલી નાખવામાં આવ્યા હતા, તેમનો ધર્મ પરિવર્તન કરવામાં આવ્યો હતો અને તેમનું ખતના પણ કરી દેવામાં આવ્યું હતું. વીડિયોમાં જણાવ્યા અનુસાર, જ્યારે આ બાળકોના DNA ટેસ્ટ કરવામાં આવ્યા, ત્યારે ચોંકાવનારી હકીકત સામે આવી કે આ બાળકો વર્ષો પહેલા અલગ-અલગ રાજ્યોના પોલીસ સ્ટેશનમાં ગુમ થયા હોવાની નોંધણી થયેલી હતી. ઘણા બાળકો ૧ વર્ષ, ૨ વર્ષ કે ૫ વર્ષથી ગુમ હતા, જેમને આ કેન્દ્રોમાં ધાર્મિક શિક્ષણ આપીને તેમનું ધર્મ પરિવર્તન કરવામાં આવી રહ્યું હતું.

આ મામલો હજુ પણ સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે અને તેને ભારતનો અત્યાર સુધીનો સૌથી ગંભીર માનવ તસ્કરી અને ધર્મ પરિવર્તનનો કેસ માનવામાં આવે છે. ગરીબ પરિવારોના બાળકોને નિશાન બનાવીને કરવામાં આવતું આ ષડયંત્ર રાષ્ટ્રીય સુરક્ષા અને સામાજિક સંતુલન માટે મોટો પડકાર બની રહ્યું છે.

અરવિંદ કેજરીવાલે ગાંધીનગર ખાતે સભા સંબોધી

# ચૂંટણીમાં ખેડૂતોએ સોગંદ ખાવાની કે કમળને વોટ નહીં આપીએ : કેજરીવાલ

**ખેડૂતોના પ્રશ્નોને આમ આદમી પાર્ટી દ્વારા પરિવર્તન લાવો, કિસાન બચાવો યાત્રાનો સમાપન કાર્યક્રમ યોજાયો હતો**

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**ગાંધીનગર, તા.૦૮**

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ગુજરાત મુલાકાતે છે. આજે અરવિંદ કેજરીવાલે ગાંધીનગર ખાતે સભા સંબોધી હતી.

આમ આદમી પાર્ટી દ્વારા ગુજરાતમાં ખેડૂતોના પ્રશ્નોને આમ આદમી પાર્ટી દ્વારા પરિવર્તન લાવો, કિસાન બચાવો યાત્રાનો સમાપન કાર્યક્રમ ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો. ગાંધીનગરના સેક્ટર-૧૧ સ્થિત રામકથા મેદાનમાં જનસભામાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ મુખ્ય વક્તા તરીકે ખેડૂતોને સંબોધન કર્યું હતું.

તેમણે કહ્યું કે, ખેડૂતોને ૧ રૂપિયામાં ખેતી માટે જમીન આપીશું. આ સાથે કેજરીવાલે આવનાર કોઈપણ ચૂંટણીમાં ભાજપને વોટ ન આપવાની લોકોને શપથ લેવડાવી હતી. ગાંધીનગરમાં યોજાયેલા AAPના કાર્યક્રમમાં કેજરીવાલે કહ્યું કે, ભાજપના ભ્રષ્ટાચારથી લોકો પરેશાન છે અને જે લોકો સવાલો ઉઠાવે છે તેઓને જેલભેગા કરી દેવામાં આવે છે. ખેડૂતો અને નાના વેપારી માટે હું અહીં આવ્યું છે. ગુજરાતમાં દારૂબંધ હોવા છતાં ફોન કરવાથી સીધી દારૂની હોમ ડિલિવરી થાય છે. પંજાબમાં બજેટમાં દરેક મહિલાના ખાતામાં ૧૦૦૦ રૂપિયા આપવામાં આવ્યા, તેવી રીતે અહીં પણ લોકો ઈચ્છા ધરાવે છે.



સભામાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે, દરેક ચૂંટણીમાં ખેડૂતોએ સોંગંદ ખાવાની છે કે કમળને વોટ આપશું નહી. તેમજ ચૈતર વસાવા, પ્રવીણ રામ અને મને પણ આ લોકોએ જેલમાં મોકલ્યા હતા. તેમજ આમ આદમી પાર્ટીના પાંચ સૌથી મોટા નેતાઓને જેલમાં બંધ કરાવ્યા હતા.

# નાઈટિંગલ ફાઉન્ડેશન અને પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, દમણ દ્વારા 'વિશ્વ મહિલા દિવસ'નો ભવ્ય સમારોહ યોજાયો



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૦૮**

નાઈટિંગલ ફાઉન્ડેશન, દમણની અધ્યક્ષા શ્રીમતી પ્રતિભાતાઈ મનીષ સ્માર્ટ અને પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દમણની મુખ્ય સંચાલિકા સુશ્રી કાંતા દીદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં 'વિશ્વ મહિલા દિવસ'ના અવસર પર એક ભવ્ય સમારોહ યોજાયો હતો.

સમારોહનો શુભારંભ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા સુશ્રી કાંતા દીદી, અતિથિ વિશેષ દમણ નગરપાલિકા પરિષદની અધ્યક્ષા શ્રીમતી દીપિકાબેન ટંડેલ, ઉપાધ્યક્ષા શ્રીમતી રીનાબેન પટેલ અને નાઈટિંગલ ફાઉન્ડેશન-દમણની અધ્યક્ષા શ્રીમતી પ્રતિભાતાઈ સ્માર્ટ દ્વારા દીપ પ્રજ્વલન સાથે કરવામાં આવ્યો હતો.

આ અવસરે તેમના શાબ્દિક સ્વાગત ભાષણમાં મહિલાઓને સંબોધિત કરતાં શ્રીમતી પ્રતિભાતાઈ સ્માર્ટે જણાવ્યું હતું કે, મહિલાઓ આજે દરેક ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રહી છે અને સમાજના વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. એક મહિલા સશક્ત ત્યારે જ બની શકે છે, જ્યારે તે સ્વતંત્ર નિર્ણય લઈ શકે, આત્મસન્માનથી જીવી શકે અને તેને સમાન અવસર અને સુરક્ષા મળે.

સમારોહ દરમિયાન વિભિન્ન મહિલા સંગઠનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરવામાં આવ્યા, જેમાં મહિલાઓએ પોતાની નૃત્ય પ્રતિભાનું અપ્રતિમ પ્રદર્શન કર્યું. આ અવસરે નાઈટિંગલ ફાઉન્ડેશન તરફથી 'નારી રત્નો'ને સન્માનિત કરવામાં આવ્યા. જેમાં માત્ર ૪ વર્ષ અને ૧૧ મહિનાની વયમાં એક જ શ્વાસમાં સ્વિમિંગ પૂલની અંદર ૧૨ મીટરની અંતરને ૨૫.૪૦ સેકન્ડમાં પૂર્ણ કરી અસાધારણ ઉપલબ્ધિ હાંસલ કરનાર કુમારી દેવાંશી બિસ્ટ અને પ્રવાસન અને પ્રવાસીઓ પર આધારિત પુસ્તક લખનાર કુમારી અન્યા વાઝાને પ્રશસ્તિ પત્ર પ્રદાન કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. સમારોહને સંબોધિત કરતાં મુખ્ય અતિથિ બ્રહ્માકુમારી કાંતા દીદીએ જણાવ્યું હતું કે, મહિલા સશક્તિકરણ માટે આપણે મહિલાઓને શિક્ષિત અને આત્મનિર્ભર બનાવવાની જરૂર છે. તેમણે જણાવ્યું હતું કે, મહિલાઓ પોતાના અધિકારો પ્રત્યે જાગૃત થઈને સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવી શકે છે.

સમારોહના અંતે નાઈટિંગલ ફાઉન્ડેશન તરફથી સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરનાર તમામ બાળ અને મહિલા કલાકારોને પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવ્યા અને મોટી સંખ્યામાં ઉપસ્થિત મહિલાઓને 'વિશ્વ મહિલા દિવસ'ની હાર્દિક બધાઈ અને શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમનું મંચ સંચાલન બ્રહ્માકુમારી દક્ષા દીદી અને નાઈટિંગલ ફાઉન્ડેશનની માનસી પાટીલે કર્યું હતું અને સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં નાઈટિંગલ ફાઉન્ડેશન દમણની તમામ સભ્યાઓ અને બ્રહ્માકુમારીના સેવાધારી બહેનોનો સક્રિય સહયોગ રહ્યો હતો.

# દીવના ઘોઘલા શ્રી તપેશ્વર મહાદેવ યુવા મંડળ દ્વારા મહાપૂજાનું આયોજન

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા. ૦૮**

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવના ઘોઘલા સ્થિત તપેશ્વર મહાદેવ મંદિર પર મહા પૂજાનું આયોજન શ્રી તપેશ્વર મહાદેવ યુવા મંડળ દ્વારા કરવામાં આવ્યુ હતું. મહા પૂજા દરમિયાન સવારે ૧૦ કલાકે શોભાયાત્રા, બપોરે મહા પ્રસાદ, અને સાંજે ચાર કલાકે કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાત્રે ભજન કિર્તન મહાઆરતી વગેરેમાં મોટી સંખ્યામાં ભાવિક ભકતો જોડાયા હતા અને ધાર્મિક કાર્યક્રમનો તથા તપેશ્વર મહાદેવના દર્શનનો લાભ લીધો હતો.



**(પહેલાં પાનાનું ચાલુ)**
**'વિશ્વ મહિલા દિવસ'ની...**

આ પ્રસંગે આહિર સમાજની મહિલાઓએ સુંદર ગરબા રજૂ કર્યા હતા, જેને હાજર સૌએ વધાવી લીધા હતા. સાથે સાથે મહિલાઓ દ્વારા 'ખિસકોલી' નામનું નાટક પણ રજૂ કરવામાં આવ્યું, જે ખૂબ જ રસપ્રદ અને સંદેશાત્મક રહ્યું હતું. નાટક દ્વારા પરિવાર અને સમાજમાં મહિલાઓની મહત્ત્વપૂર્ણ ભૂમિકા પર સુંદર પ્રકાશ પાડવામાં આવ્યો. સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન અને સંચાલન પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન બધેકા અને મંત્રી શ્રીમતી પ્રિયંકા ઠાકર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન સાસુ-વહુનું સન્માન કરીને પરિવારના સંસ્કાર, એકતા અને પરસ્પર સ્નેહનો સંદેશ આપવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક ખુબ જ આનંદ અને ઉત્સાહ સાથે પૂર્ણ થયો અને ઉપસ્થિત લોકોએ મનભરીને આયોજનની પ્રશંસા કરી હતી.

**(પહેલાં પાનાનું ચાલુ)**
**જીએનએલયુ-સેલવાસ...**

'Give to Gain - લાભ મેળવવા માટે આપો' પર ચર્ચા કરી હતી. સંદેશમાં ભાર મૂકવામાં આવ્યો હતો કે દાન એ બાદબાકી નથી; તે ઈરાદાપૂર્વક ગુણાકાર છે, જ્યારે મહિલાઓ સમૃદ્ધ થાય છે, ત્યારે આપણે સૌ ઉભા થઈએ છીએ અને સમૃદ્ધ થઈએ છીએ. આ વાર્તાલાપ દ્વારા, વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક ગૌરવ, સમાનતા અને સામૂહિક પ્રગતિના મહત્ત્વ પર સંવાદ અને ચિંતન માટે એક જગ્યા બનાવી હતી. કાર્યક્રમનું સમાપન વિદ્યાર્થીઓએ લિંગ, ન્યાય અને સશક્તિકરણને પ્રોત્સાહન આપવાની તેમની પ્રતિબદ્ધતાને પુન:પુષ્ટિ સાથે કર્યુ હતું.

**(પહેલાં પાનાનું ચાલુ)**
**પ્રદેશ ભાજપ મહિલા...**

આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં દાનહની મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજમાં મહિલાઓ પ્રત્યે આદર વધારવાનો અને મહિલાઓને સશક્ત બનાવવાનો હતો. પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી મહેશભાઈ આગરિયા, દાનહ જિલ્લા પંચાયત પ્રમુખ અને પ્રદેશ ભાજપ મહિલા મોરચા પ્રમુખ શ્રીમતી નિશા ભવર અને પ્રદેશ ભાજપ મહિલા મોરચાના મહામંત્રી ડૉ. પ્રમિલા ઉપાધ્યાય ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમની શરૂઆત પરંપરાગત દીપ પ્રગટાવીને કરવામાં આવી હતી. આ કાર્યક્રમ દરમિયાન, સમાજના વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કાર્ય કરનાર અને પ્રદેશને ગૌરવ અપાવનાર મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પોતાના સંબોધનોમાં, વક્તાઓએ જણાવ્યું હતું કે, આજે મહિલાઓ શિક્ષણ, આરોગ્ય, વ્યવસાય, સમાજ સેવા અને રાજકારણ સહિત દરેક ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન આપી રહી છે. મહિલાઓનો આત્મવિશ્વાસ અને નિશ્ચય સમાજના વિકાસને નવી દિશા આપી રહ્યો છે. મહિલાઓને સમાન અધિકારો અને સન્માન મળે તે સુનિશ્ચિત કરવા માટે સમાજના દરેક વર્ગે આગળ આવવું જોઈએ તેમજ દરેક સમાજના અગ્રણીઓ તથા અન્ય સમાજના અગ્રણીઓએ પણ પાછળ રહેલા સમાજને આગળ લાવવા માટે હરહંમેશ તત્પર રહેવું જોઈએ.

કાર્યક્રમ દરમિયાન, મહિલા સશક્તિકરણ, માતૃત્વના આદર્શો અને ભારતીય સંસ્કૃતિનું જતન જેવા વિષયો પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. મહિલા અધિકારો વિશે જાગૃતિ ફેલાવવાનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે સેલવાસ શહેર સહિતના આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં મહિલાઓએ કાર્યક્રમમાં હાજરી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું આનંદ-ઉત્સાહના વાતાવરણ સાથે સમાપન કરવામાં આવ્યું હતું.

# વાપીના સલવાવમાં બાપા સીતારામ આશ્રમ ખાતે ત્રિ-દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણી: લોક ડાયરો અને સંતવાણીની જામી રમઝટ

**હજારો ભક્તોની ઉપસ્થિતિમાં સંતો-મહંતો અને રાજકીય-સામાજિક આગેવાનોએ હાજરી આપી; ૪૦૦ સ્વયંસેવકોએ ખડેપગે સેવા બજાવી મહોત્સવને દીપાવ્યો**



**(તસવીર-અહેવાલ: સંજય તાડા)**
**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**

**વાપી, તા.૦૮:** ઔદ્યોગિક નગરી વાપીના સલવાવ વિસ્તારમાં આવેલ પરમ પૂજ્ય સંત શિરોમણી શ્રી બજરંગદાસ બાપા (બાપા સીતારામ) આશ્રમ ખાતે ત્રિ-દિવસીય મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની અત્યંત હર્ષોલ્લાસ અને ભક્તિસભર માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પૂ. બજરંગદાસ બાપાની મૂર્તિના દાતાશ્રી સ્વ. જમનાદાસ કે. ફળદુ હસ્તે હિતેશ ફળદુ તેમજ પરિવાર, રામ દરબારના દાતાશ્રી સ્વ. ધરમશીભાઈ દેવજીભાઈ ટાંક હસ્તે રામજીભાઈ ટાંક અને પરિવાર, શિવજી પરિવારના દાતાશ્રી જીતેન્દ્રભાઈ ચકુભાઈ દાવડા તેમજ ભક્ત પરિવાર, ગણપતિ બાપાની મૂર્તિના દાતાશ્રી અમિતકુમાર નવનીતલાલ દેસાઈ, હનુમાનજી મહારાજની મૂર્તિના દાતાશ્રી વશરામભાઈ એમ કાતરીયા તેમજ ધીરુભાઈ કાતરીયા, કાલભૈરવ દાદાની મૂર્તિના દાતાશ્રી જગદીશભાઈ પરસોતમભાઈ રામપરિયા, ધ્વજ, કળશ, દંડ અને ઘંટના દાતાશ્રી સમગ્ર ખરક સમાજ વાપી તરફથી આપવામાં આવેલ છે. આ મહોત્સવ અંતર્ગત લોક ડાયરો, કાનગોપી અને સંતવાણી જેવા વિવિધ સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમોનું સુંદર આયોજન કરાયું હતું, જેમાં વાપી અને આસપાસના વિસ્તારોમાંથી હજારોની સંખ્યામાં ભાવિક ભક્તો ઉમટી પડ્યા હતા.

પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના પ્રથમ દિવસે ભવ્ય લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના જાણીતા કલાકારો જયમત દવે અને હકાભા ગઢવી સહિતના નામી-અનામી કલાકારોએ પોતાની કળા પીરસી હતી. લોક સાહિત્ય અને ભજનોની રમઝટ બોલાવી કલાકારોએ શ્રોતાઓને મોડી રાત સુધી ડોલાવ્યા હતા. આ પ્રસંગે વહીવટી તંત્રના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા, જેમાં વાપી જીઆઈડીસી પીઆઈ શ્રી રાણા સાહેબ, પારડી પીઆઈ શ્રી જી.આર. ગઢવી અને ડુંગરા પીઆઈ શ્રી ગોહિલ સાહેબ, વાપી મામલતદાર શ્રી કે.પી. કાતરીયાની વિશેષ ઉપસ્થિત રહી હતી.

બીજા દિવસે સૌરાષ્ટ્રની પ્રચલિત પરંપરા સમાન કાનગોપી રાસનું આયોજન થયું હતું. સૌરાષ્ટ્રના કલાકારોએ પોતાની આગવી શૈલીમાં રાસ રજૂ કરી સમગ્ર વાતાવરણને ગોકુળમય બનાવી દીધું હતું. અંતિમ દિવસે આશ્રમ ખાતે ધાર્મિક વિધિઓ અને સંત સંમેલન યોજાયું હતું. જેમાં પુનાટ આશ્રમના સંતો-મહંતો તેમજ સૌરાષ્ટ્રના મહુવા સ્થિત ખોડિયાર આશ્રમના પૂજ્ય ગરીબ રામદાસ બાપુ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને ભક્તોને આશીર્વચન પાઠવ્યા હતા.

આ પ્રસંગે વાપી વિભાગના ડીવાયએસપી શ્રી બી.એન. દવેની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. બાપા સીતારામ આશ્રમ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શ્રી મિલનભાઈ ભીમાણી, શ્રી નિલેશભાઈ કરંગીયા, શ્રી રણછોડભાઈ અને શ્રી વિમલભાઈ ચૌહાણ, શ્રી નયનભાઈ મારુ, શ્રી જીતેન્દ્રભાઈ દાવડા, શ્રી જગુભાઈ નરસિંહભાઈ પટેલ, શ્રી દિલીપભાઈ પટેલ, શ્રી કનુભાઈ ધીરુભાઈ કોલડિયા, શ્રી માવજીભાઈ નોર સહિતના ટ્રસ્ટી મંડળ દ્વારા પધારેલા તમામ મહેમાનોનું પુષ્પગુચ્છ અને સાલ ઓઢાડી ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. જાણીતા બિલ્ડર શ્રી વશરામભાઈ આહિર, શ્રી મનુભાઈ વાણીયા અને મનોજભાઈ નંદાણીયા, 'વર્તમાન પ્રવાહ'ના બ્યુરો ચીફ પત્રકાર શ્રી સંજયભાઈ તાડા ઉપસ્થિત રહ્યા હતા જેમનું ટ્રસ્ટ દ્વારા ઉમળકાભેર સ્વાગત કરાયું હતું.

આટલા મોટા પાયે આયોજિત કાર્યક્રમને સફળ બનાવવા પાછળ ૪૦૦ જેટલા સ્વયંસેવકોની ફોજ રાત-દિવસ ખડેપગે રહી હતી. વ્યવસ્થા જાળવવાથી લઈને ભક્તોની સુવિધા સુધીની તમામ જવાબદારી આ યુવાનોએ બખૂબી નિભાવી હતી. આ ઉપરાંત, ચાર દિવસ સુધી ચાલેલા પ્રતિષ્ઠા મહોત્સવમાં ભોજન પ્રસાદના દાતા તરીકે શ્રી સમસ્ત માલધારી સમાજ રહ્યો હતો, જેમણે ઉદાર હાથે આ ભક્તિ કાર્યમાં ફાળો આપ્યો હતો.

આશ્રમના ટ્રસ્ટીઓએ પણ રાત-દિવસ જોયા વગર મહોત્સવને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. સમગ્ર વિસ્તારમાં 'બાપા સીતારામ'ના નાદ સાથે આધ્યાત્મિક ચેતનાનો સંચાર થયો હતો.

# ધરમપુરમાં 'વાચિકમ્' કાર્યક્રમને મળ્યો ઉત્સાહભર્યો પ્રતિસાદ: વિશ્વ મહિલા દિવસની પૂર્વસંધ્યાએ નાટ્યાત્મક સાહિત્યિક પ્રસ્તુતિએ નગરજનોને મંત્રમુગ્ધ કર્યા



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૮**

વિશ્વ મહિલા દિવસની પૂર્વસંધ્યાએ ધરમપુર નગરપાલિકા સંચાલિત શ્રીમંત માહારાણા શ્રી નારણદેવજી લાઈબ્રેરી તથા સાહિત્ય પ્રભાત, ધરમપુરના સંયુક્ત ઉપક્રમે યોજાયેલો 'વાચિકમ્' કાર્યક્રમ નગરજનો માટે એક અનોખો અને યાદગાર સાહિત્યિક અનુભવ બની રહ્યો. શ્રી લક્ષ્મીનારાયણ મંદિરના પરિસરમાં યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સાહિત્યપ્રેમીઓ અને નાગરિકોએ ઉપસ્થિત રહી કલાકારોને ઉત્સાહભેર વધાવ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત મહાનુભાવો અને કલાકારોના હસ્તે દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી હતી. આ પ્રસંગે ધરમપુર નગરપાલિકાના ચીફ ઓફિસર ડૉ. વિજયભાઈ ઈટાલિયા, પ્રમુખ મયંકભાઈ મોદી, ચૂંટાયેલ સભ્ય અને સાહિત્ય પ્રભાત સાથે જોડાયેલ એવા સમીપ રાંચ સહિત નગરપાલિકાના હોદ્દેદારો અને આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ નગરપાલિકાના હોદ્દેદારો અને મહેમાનો દ્વારા કલાકારોનું પુષ્પગુચ્છ અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે 'સાહિત્ય પ્રભાત' ધરમપુરનો પરિચય પ્રીતિબેન મજમુદાર દ્વારા અને સંચાલન હેતલબેન પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન ગુજરાતી સાહિત્યની પસંદગીયુક્ત વાર્તાઓનું અભિવ્યક્તિમય વાચન કરવામાં આવ્યું હતું. તેમાં 'ડેલી' (લેખક: વૈભવ મુકેશ દેસાઈ), 'ગોદડી' (ડૉ. ધીરુબેન પટેલ), 'સવા ત્રણની બસ' (ડૉ. રઈશ મનીઆર), 'લોહીની સગાઈ' (ઈશ્વર પેટલીકર) તેમજ 'અંધારી ગલીઓમાં સફેદ ટપકાં' (ડૉ. હિમાંશી શેલત) જેવી જાણીતી કૃતિઓનું વાચિકમ્ પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. કલાકારોની અભિવ્યક્તિપૂર્ણ રજૂઆતને શ્રોતાઓએ ભારે તાળીઓ સાથે વધાવી લીધી હતી.

આ પછી જાણીતા કલાકારો ધ્વનિ ત્રિવેદી, બિનિતા શાહ, રંજનાબેન પટેલ, કેશા દેસાઈ અને હ્દી દેસાઈ દ્વારા ગુજરાતી સાહિત્યની સ્ત્રીકેન્દ્રિત વાર્તાઓ અને કવિતાઓનું અભિવ્યક્તિમય વાચન રજૂ કરવામાં આવ્યું હતું. તેમની ભાવસભર પ્રસ્તુતિએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. કાર્યક્રમનું દિગ્દર્શન અને સંચાલન વૈભવ મુકેશ દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે સંગીત સંચાલન યશ ઉપાધ્યાય દ્વારા કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમમાં નગરજનોનો ઉમળકો અને શિસ્તબદ્ધ ઉપસ્થિતિ જોવા મળી હતી. ધરમપુરમાં પ્રથમ વખત આ પ્રકારનો સાહિત્ય અને નાટ્યના સંયોજનથી બનેલો 'વાચિકમ્' કાર્યક્રમ યોજાતા નગરજનોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. કાર્યક્રમના અંતે ધરમપુર નગરપાલિકા લાઈબ્રેરી સમિતિના ચેરમેન શ્રીમતી દીપમાલાબેન ચોનકર દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી. કાર્યક્રમના સફળ આયોજન માટે નગરપાલિકાની ટીમ, સાહિત્ય પ્રભાતના સભ્યો તેમજ સહયોગીઓના પ્રયાસોની ઉપસ્થિતોએ પ્રશંસા કરી હતી.

# વાપીના છરવાડા ગામમાં રસાયણમુક્ત ખેતીના ફાયદા સમજાવાયા




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**વલસાડ, તા.૦૮:** વલસાડ જિલ્લાના વાપી તાલુકાના છરવાડા ગામમાં આત્મા પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં કોમ્યુનિટી રિસોર્સ પર્સન કમલેશભાઈ પટેલ અને કૃષિ સખી હેમિક્ષાબેન દ્વારા પ્રાકૃતિક ખેતીની માહિતી આપવામાં આવી હતી. જેમાં રાસાયણિક ખાતરો અને ઝેરી દવાઓના ઉપયોગના કારણે લોકોનું સ્વાસ્થ્ય ખુબ જ બગડી રહ્યુ હોવાથી માહિતગાર કરાયા હતા. પ્રાકૃતિક ખેતીથી રસાયણમુક્ત ઉત્પાદન લઈ શકાય છે તથા આવનારા ભવિષ્યની પેઢીને વારસામાં રસાયણમુક્ત અને ઉપજાઉ જમીન આપી શકાય છે તે અંગે ખેડૂતોને માહિતી આપવામાં આવી હતી.

**વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો.**
**સંજય તાડા :**
**99244 66899**

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે બાળકો યોગ સાથે જોડાયેલા રહે તે માટે માર્ગદર્શન આપ્યું

**યોગ બોર્ડના દક્ષિણ ગુજરાતના ઝોન કોઓર્ડિનેટર પ્રીતિબેન પાંડેએ રાજ્યપાલ સાથે મુલાકાત કરી**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૮**

ગુજરાત રાજ્ય યોગ બોર્ડમાં દક્ષિણ ગુજરાત ઝોનની જવાબદારી સંભાળતા ઝોન કો-ઓર્ડિનેટર પ્રીતિબેન પાંડે છેલ્લા ૨૦ વર્ષથી વધુ સમયથી યોગના પ્રચાર-પ્રસાર માટે કાર્યરત છે, તેમણે તાજેતરમાં ડાંગ જિલ્લાના આહવા ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સાથે સૌજન્ય મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન જિલ્લા કો-ઓર્ડીનેટર પ્રિયંકાબેન ભોયે સાથે ઉપસ્થિત રહ્યા હતા.

આ મુલાકાત દરમિયાન ડાંગ જિલ્લામાં ચાલી રહેલી યોગ બોર્ડની વિવિધ પ્રવૃત્તિઓ તેમજ યોગના પ્રચાર-પ્રસાર અંગે ચર્ચા કરવામાં આવી હતી. યોગ અને પ્રાકૃતિક ખેતી પ્રત્યે સમર્પિત રાજ્યપાલે યોગના વધુ વ્યાપક પ્રચાર-પ્રસાર માટે માર્ગદર્શન અને જરૂરી સૂચનો આપ્યા હતા. જિલ્લા કો-ઓર્ડિનેટર દ્વારા જિલ્લામાં ચાલી રહેલી યોગ બોર્ડની પ્રવૃત્તિઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. બાળકો નિયમિત રીતે યોગ સાથે જોડાયેલા રહે અને સંસ્કારી જીવનશૈલી અપનાવે તે માટે રાજ્યપાલએ ખાસ માર્ગદર્શન આપ્યું હતું.

# વાપીના ચંડોરમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ અપાઈ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૮**

વાપી તાલુકાના ચંડોર ગામમાં પ્રાકૃતિક ખેતીની તાલીમ રાખવામાં આવી હતી. જેમાં કૃષિ સખી હંસાબેન દ્વારા પ્રાકૃતિક ખેતીની તાલીમ આપવામાં આવી હતી, જ્યાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના પાંચ આયામનો કઈ રીતે ઉપયોગ કરી શકાય એની વિસ્તારથી માહિતી આપવામાં આવી હતી. જેમાં જીવામૃત, ઘન જીવામૃત બનાવવાની રીત અને ઉપયોગ કરવાથી જમીનની ફળદ્રુપતા વધે છે અને ઉત્પાદનમાં પણ વધારો જોવા મળે છે. પ્રાકૃતિક ખેતી કરવાથી આપણે ઝેર મુક્ત અનાજ અને શાકભાજીની ખેતી કરી દરેક લોકોનું સ્વાસ્થ્ય સારું રહે એના માટે માહિતી આપવામાં આવી હતી.

રોકાણકારોની શ્રધ્ધા અતૂટ અને વિશ્વાસનું પ્રતિક
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ®
www.nikhilbhatt.in

નિખિલ ભટ્ટ
+91 99390 80808

# વૈશ્વિક અનિશ્ચિતતા અને વેચવાલી વચ્ચે ભારતીય શેરબજારમાં નબળાઇ...!!!

**રોકાણકાર મિત્રો, આનંદ ને...!!**

ભારતીય શેરબજારમાં મિશ્ર પરંતુ અસ્થિર ટ્રેન્ડ જોવા મળ્યો હતો. સપ્તાહની શરૂઆત થોડું દબાણ સાથે થઈ હતી, પરંતુ મધ્યભાગમાં કેટલાક સેક્ટરમાં ખરીદી જોવા મળતાં બજારે ભાગ્યે જ સુધારો નોંધાવ્યો. વૈશ્વિક બજારોમાંથી મળેલા મિશ્ર સંકેતો, યુએસ બોન્ડ યીલ્ડમાં ચડાવ-ઉતાર, ક્રૂડ ઓઈલના ભાવમાં વધઘટ અને જીઓ-પોલિટિકલ તણાવ જેવા પરિબળોએ રોકાણકારોના સેન્ટિમેન્ટને અસર કરી. આ સપ્તાહ દરમિયાન બજારમાં તેજી અને મંદી બંને પ્રકારની ગતિવિધિ જોવા મળી, જેના કારણે ઈન્ડેક્સમાં મોટો ટ્રેન્ડ નહીં પરંતુ રેન્જબાઉન્ડ મૂવમેન્ટ નોંધાયો.

### બજારમાં તેજીના મુખ્ય કારણો

સપ્તાહ દરમિયાન કેટલાક સત્રોમાં બજારમાં ખરીદી જોવા મળવાની પાછળ કેટલાક મહત્વપૂર્ણ પરિબળો જવાબદાર રહ્યા હતા. સ્થાનિક સંસ્થાગત રોકાણકારો દ્વારા સતત ખરીદી બજારને સપોર્ટ આપી રહી હતી. સાથે સાથે બેન્કિંગ અને ઓટો સેક્ટરમાં સારા વોલ્યુમ સાથે ખરીદી નોંધાઈ હતી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કેપિટલ ગૂડ્સ સેક્ટરમાં સરકારના ખર્ચ અને પ્રોજેક્ટ્સ સંબંધિત આશાવાદી સંકેતોને કારણે પણ રોકાણકારોમાં વિશ્વાસ જોવા મળ્યો હતો. મેટલ સેક્ટરમાં વૈશ્વિક માંગમાં સુધારાના સંકેતો મળતા કેટલાક સ્ટોક્સમાં તેજી નોંધાઈ.

### બજારમાં મંદીના કારણો

બીજી તરફ, સપ્તાહ દરમિયાન અનેક પરિબળો બજાર પર દબાણ ઊભું કરતા જોવા મળ્યા હતા. યુનાઈટેડ સ્ટેટ્સની મોનેટરી પોલિસી અંગે અનિશ્ચિતતા અને વ્યાજદરમાં લાંબા સમય સુધી વધારો રહેવાની શક્યતાએ વૈશ્વિક ઈક્વિટી બજારોને અસ્થિર બનાવ્યા હતા. ઉપરાંત, યુએસ બોન્ડ યીલ્ડમાં વધારાને કારણે ઈમર્જિંગ માર્કેટમાંથી ફંડ આઉટફ્લો અંગે ચિંતા ઊભી થઈ હતી. જીઓ-પોલિટિકલ ફ્રન્ટ પર Iran સંબંધિત તણાવ અને મધ્યપૂર્વ વિસ્તારમાં વધતી અનિશ્ચિતતાએ પણ રોકાણકારોને સાવચેત બનાવ્યા હતા. આ પરિસ્થિતિમાં વિદેશી સંસ્થાગત રોકાણકારોદ્વારા કેટલાક સત્રોમાં વેચવાલી નોંધાઈ.

### એડવાન્સ - ડિકલાઈન રેશિયો

આ સપ્તાહ દરમિયાન માર્કેટ બ્રેડ્થ મિશ્ર રહી હતી. કેટલાક દિવસોમાં વધતા શેરોની સંખ્યા ઘટતા શેરો કરતા વધુ રહી હતી, જ્યારે કેટલાક સત્રોમાં વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું. સરેરાશ રીતે જોઈએ તો મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં પસંદગી આધારિત ખરીદી જોવા મળી હતી. એડવાન્સ - ડિકલાઈન રેશિયો દર્શાવે છે કે બજારમાં સંપૂર્ણ મંદી નહોતી પરંતુ સેક્ટર અને સ્ટોક આધારિત મૂવમેન્ટ વધારે જોવા મળી હતી.

### વૈશ્વિક બજારોની અસર

વૈશ્વિક બજારોના સંકેતો ભારતીય બજાર માટે મહત્વપૂર્ણ રહ્યા હતા. યુએસ અને યુરોપિયન બજારોમાં અસ્થિરતા જોવા મળતાં ભારતીય બજાર પણ તેની અસરથી બચી શક્યું નહોતું. યુએસ ઈન્ફ્લેશન ડેટા, ફેડરલ રિઝર્વની મોનેટરી પોલિસી અંગેની અપેક્ષા અને બોન્ડ યીલ્ડના મૂવમેન્ટે વૈશ્વિક ઈક્વિટી બજારોને અસર કરી હતી. ઉપરાંત, ચીનની આર્થિક વૃદ્ધિ અને કોમોડિટી ડિમાન્ડ સંબંધિત સંકેતો પણ મેટલ અને કમોડિટી સેક્ટરના સ્ટોક્સ પર અસરકારક રહ્યા હતા.

### સ્થાનિક પરિબળો

સ્થાનિક સ્તરે કેટલાક સકારાત્મક પરિબળો બજારને સપોર્ટ કરતા રહ્યા હતા. ભારતની મજબૂત મેક્રો ઈકોનોમિક સ્થિતિ, સ્થિર જીડીપી વૃદ્ધિ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખર્ચ અને સરકારના વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ બજાર માટે લાંબા ગાળે સકારાત્મક પરિબળ તરીકે રહ્યા છે. ઉપરાંત બેન્કિંગ સેક્ટરમાં લોન ગ્રોથ અને એસેટ ક્વોલિટી સુધારાના કારણે રોકાણકારોમાં વિશ્વાસ જોવા મળ્યો હતો.

### સેક્ટરવાઈઝ મૂવમેન્ટ

સપ્તાહ દરમિયાન અલગ-અલગ સેક્ટરમાં અલગ પ્રકારની ગતિવિધિ જોવા મળી હતી. બેન્કિંગ અને ફાઈનાન્સિયલ સેક્ટરમાં સ્થિર ખરીદી જોવા મળી હતી. ઓટો સેક્ટરમાં પણ કેટલાક સ્ટોક્સમાં મજબૂતી નોંધાઈ હતી. બીજી તરફ આઈટી સેક્ટરમાં યુએસ માર્કેટ સંબંધિત અનિશ્ચિતતાના કારણે થોડું દબાણ જોવા મળ્યું હતું. એફએમસીજી સેક્ટર ડિફેન્સિવ સ્વરૂપે સ્થિર રહ્યો હતો. મેટલ અને માઈનિંગ સેક્ટરમાં વૈશ્વિક કોમોડિટી ટ્રેન્ડના આધારે વોલેટિલિટી જોવા મળી હતી.

### કોમોડિટી બજારો

કોમોડિટી માર્કેટમાં સપ્તાહ દરમિયાન ચડાવ-ઉતાર જોવા મળ્યો હતો. સોનું અને ચાંદીના ભાવ વૈશ્વિક અનિશ્ચિતતા અને સલામત રોકાણ તરીકેની માંગને કારણે મજબૂત રહ્યા હતા. બીજી તરફ બેઝ મેટલ્સમાં વૈશ્વિક માંગ અને ચીનની આર્થિક સ્થિતિ સંબંધિત સમાચારના આધારે મૂવમેન્ટ જોવા મળી હતી. ક્રૂડ ઓઈલના ભાવમાં પણ જીઓ-પોલિટિકલ સમાચારના કારણે અસ્થિરતા નોંધાઈ હતી.

### ક્યાં સેક્ટરમાં તેજી જોવા મળી

આ સપ્તાહ દરમિયાન ખાસ કરીને બેન્કિંગ, ઓટો અને કેટલાક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત સ્ટોક્સમાં તેજી જોવા મળી હતી. ડિફેન્સ અને કેપિટલ ગૂડ્સ સેક્ટરના સ્ટોક્સમાં પણ રોકાણકારોની રસ દાખલ થતી જોવા મળી હતી. મિડકેપ અને સ્મોલકેપ સેગમેન્ટમાં સ્ટોક-સ્પેસિફિક ખરીદી બજાર માટે મહત્વપૂર્ણ રહી હતી.

### બજારની ભાવિ દિશા

વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે પણ સ્થાનિક અર્થતંત્રની મજબૂતી બજારને સપોર્ટ આપતી રહી હતી. પસંદગી આધારિત ખરીદી અને સેક્ટરવાઈઝ મૂવમેન્ટ બજારનું મુખ્ય લક્ષણ રહ્યું હતું. આગામી સપ્તાહમાં વૈશ્વિક સંકેતો અને જીઓ-પોલિટિકલ પરિસ્થિતિ બજારની દિશા નક્કી કરવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. આગામી દિવસોમાં બજારની દિશા મુખ્યત્વે વૈશ્વિક પરિબળો પર નિર્ભર રહેશે. ખાસ કરીને યુએસ ની મોનેટરી પોલિસી, ઈન્ફ્લેશન ડેટા અને બોન્ડ યીલ્ડના મૂવમેન્ટ મહત્વપૂર્ણ રહેશે. ઉપરાંત ઈરાન સંબંધિત જીઓ-પોલિટિકલ સમાચાર અને મધ્યપૂર્વ વિસ્તારની સ્થિતિ પણ ક્રૂડ ઓઈલના ભાવ અને વૈશ્વિક બજારો પર અસર કરી શકે છે. જો વૈશ્વિક બજારો સ્થિર રહેશે અને સ્થાનિક સંસ્થાગત ખરીદી યથાવત રહેશે તો ભારતીય બજારમાં ફરીથી મજબૂતી જોવા મળી શકે છે. જોકે, રોકાણકારો માટે જોખમ મેનેજમેન્ટ અને વૈશ્વિક સમાચાર પર સતત નજર રાખવી જરૂરી રહેશે.

### નિફ્ટી ફ્યુચર સાપ્તાહિક મુવમેન્ટ




| | PRV. Close | OPEN | HIGH | LOW | CLOSE | NET |
|---|---|---|---|---|---|---|
| 09.02.2026 TO 13.02.2026 | 25735.10 | 25921.00 | 26068.00 | 25476.50 | 25518.80 | -216.30 |
| 16.02.2026 TO 20.02.2026 | 25518.80 | 25455.00 | 25877.00 | 25389.70 | 25584.70 | 65.90 |
| 23.02.2026 TO 27.02.2026 | 25635.80 | 25570.00 | 25817.80 | 25286.10 | 25341.00 | -294.80 |
| 02.03.2026 TO 06.03.2026 | 25338.60 | 25100.00 | 25151.00 | 24427.00 | 24565.20 | -773.40 |

નિફ્ટી ફ્યુચર તા. ૦૨-૦૩-૨૦૨૬ ના રોજ ૨૫૧૦૦ પોઈન્ટ ખુલીને ૨૪૪૨૭ પોઈન્ટના નીચા મથાળેથી ૨૫૧૫૧ પોઈન્ટના ઊંચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૭૨૪ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૭૭૩ પોઈન્ટના ઘટાડે ૨૪૫૬૫ પોઈન્ટ બંધ થયેલ.

### બેન્ક નિફ્ટી ફ્યુચર સાપ્તાહિક મુવમેન્ટ




| | PRV. Close | OPEN | HIGH | LOW | CLOSE | NET |
|---|---|---|---|---|---|---|
| 16.02.2026 TO 20.02.2026 | 60320.60 | 60225.00 | 61590.00 | 60121.40 | 61161.20 | 840.60 |
| 23.02.2026 TO 27.02.2026 | 25705.20 | 25616.30 | 25640.40 | 25341.00 | 25423.40 | -281.80 |
| 23.02.2026 TO 27.02.2026 | 61179.20 | 61266.00 | 61680.00 | 60805.00 | 60870.00 | -309.20 |
| 02.03.2026 TO 06.03.2026 | 60901.00 | 60340.00 | 60622.20 | 58826.00 | 58020.00 | -2881.00 |

બેન્ક નિફ્ટી ફ્યુચર તા.૦૨-૦૩-૨૦૨૬ ના રોજ ૬૦૩૪૦ પોઈન્ટ ખુલીને ૫૮૮૨૬ પોઈન્ટના નીચા મથાળેથી ૬૦૬૨૨ પોઈન્ટના ઊંચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૧૭૯૬ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૨૮૮૧ પોઈન્ટના ઘટાડે ૫૮૦૨૦ પોઈન્ટ બંધ થયેલ.

**નિફ્ટી ફ્યુચર : ૨૪૫૬૫ પોઈન્ટ** આગામી વધઘટે સંભવિત નિફ્ટી ફ્યુચર ૨૪૮૦૮ પોઈન્ટના પ્રથમ અને ૨૪૮૮૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ સંદર્ભે ૨૪૪૭૪ પોઈન્ટ થી ૨૪૪૦૪ પોઈન્ટ, ૨૪૩૭૩ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૪૮૦૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

**બેન્ક નિફ્ટી ફ્યુચર : ૫૮૦૨૦ પોઈન્ટ** આગામી વધઘટે સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૫૭૮૦૮ પોઈન્ટના પ્રથમ અને ૫૭૬૭૬ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ સંદર્ભે ૫૮૧૮૦ પોઈન્ટ થી ૫૮૩૦૩ પોઈન્ટ, ૫૮૩૭૩ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૫૮૩૭૩ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી.

## ફ્યુચર રોકાણ

(૧) **અદાણી પોર્ટ્સ (૧૪૮૧)** : પોર્ટ એન્ડ પોર્ટ સર્વિસ સેક્ટરની આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૪૪૪ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૪૩૦ ના સ્ટ્રોંગ સપોર્ટથી આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૪૯૪ થી રૂ.૧૫૦૩ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી શક્યતા છે...!! રૂ.૧૫૧૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!

(૨) **ICICI બેંક (૧૩૨૦)** : A/T+1 ગ્રુપનો આ સ્ટોક રૂ.૧૩૦૩ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ...!! રૂ.૧૨૯૦ ના સપોર્ટથી આ સ્ટોક રૂ.૧૩૩૪ થી રૂ.૧૩૪૦ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી સંભાવના છે...!!

(૩) **હેવેલ્સ ઈન્ડિયા (૧૩૫૩)** : રૂ.૧૩૩૦ નો પ્રથમ તેમજ રૂ.૧૩૧૭ બીજા સપોર્ટથી કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૩૭૩ થી રૂ.૧૩૮૦ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી શક્યતા છે...!!

(૪) **રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (૧૪૧૧)** :- ટેક્નીકલ ચાર્ટ મુજબ રેસિડેન્શિયલ, કોમર્શીયલ પ્રોજેક્ટ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૪૩૮ આસપાસ સપોર્ટથી રૂ.૧૩૯૭ થી રૂ.૧૩૮૦ ના નીચા મથાળે ભાવ સપાટીની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૪૫૦ નો સપોર્ટ ખાસ ધ્યાને લેવો..!!

(૫) **ગોદરેજ પ્રોપર્ટી (૧૬૭૧)** : રૂ.૧૬૯૩ આસપાસ ઓવરબોટ પોઝિશનની શક્યતાએ આ સ્ટોક રૂ.૧૭૦૦ ના સપોર્ટ તબક્કાવાર રૂ.૧૬૪૪ થી રૂ.૧૬૨૬ ભાવ સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૭૦૯ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!

(૬) **ઓબેરોય રિયલ્ટી (૧૪૬૩)** : રેસિડેન્શિયલ, કોમર્શીયલ પ્રોજેક્ટ સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૫૦૦ આસપાસનાં સપોર્ટથી પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૧૪૪૭ થી રૂ.૧૪૩૦ ભાવની આસપાસ સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!!

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી સાપ્તાહિક સ્ટોક મુવમેન્ટ

(૧) **ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન (૩૫૩)** : A/T+1 ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૩૩૭ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૩૩૦ ના સપોર્ટથી આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૩૬૩ થી રૂ.૩૭૦ નો ભાવ સપાટી નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૩૭૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

(૨) **NPTC લિ. (૩૭૫)** : ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૩૬૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૩૪૭ ના સપોર્ટથી આ સ્ટોક રૂ.૩૮૩ થી રૂ.૩૯૦ નો ભાવ સપાટી નોંધાવે તેવી સંભાવના છે...!!

(૩) **પાવર ગ્રીડ કોર્પોરેશન (૨૯૮)** : રૂ.૨૮૭ નો પ્રથમ તેમજ રૂ.૨૮૦ ના બીજા સપોર્ટથી ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી આ સ્ટોક રૂ.૩૦૮ થી રૂ.૩૧૩ સુધીના ભાવ સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા....!!!

(૪) **હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ (૧૭૭)** : ફાઈનાન્સીયલ ઈન્સ્ટીટ્યુશન સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૧૮૩ થી રૂ.૧૯૦ ના ભાવ સપાટીની સંભાવના ધરાવે છે.!! રૂ.૧૭૦ નો સ્ટ્રોંગ સપોર્ટ ધ્યાને લેવો...!!

(૫) **ગુજરાત પીપાવાવ પોર્ટ (૧૬૫)** : રૂ.૧૫૭ નો પ્રથમ તેમજ રૂ.૧૫૦ ના સ્ટ્રોંગ સપોર્ટથી પોર્ટ એન્ડ પોર્ટ સર્વિસ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક ટૂંકાગાળે રૂ.૧૬૯ થી રૂ.૧૭૪ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા....!!!

(૬) **મેંગ્લોર રિફાઈનરી (૧૯૮)** : સ્થાનિક ફંડોની લેવાલીની શક્યતાએ આ સ્ટોકમાં રૂ.૧૮૭ આસપાસના સ્ટ્રોંગ સપોર્ટથી ડિલેવરીબેઈઝ રોકાણ રૂ.૨૦૭ થી રૂ.૨૧૩ ના ભાવની સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!

(૭) **સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (૧૫૫)** : આ સ્ક્રીપમાં નજીકનો પ્રથમ રૂ.૧૪૦ ના સ્ટ્રોંગ સપોર્ટથી ટૂંકા ગાળે અંદાજીત રૂ.૧૬૩ થી રૂ.૧૭૦ ના સંભવિત ભાવની શક્યતા છે...!!

(૮) **રાષ્ટ્રિય કેમિકલ્સ એન્ડ ફર્ટીલાઈઝર્સ (૧૧૪)** : ટેકનીકલ ચાર્ટ મુજબ ફર્ટીલાઈઝર્સ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૦૯ આસપાસ રોકાણકારે રૂ.૧૧૯ થી રૂ.૧૨૩ ના ભાવ સપાટીની શક્યતાએ તબક્કાવાર રોકાણ કરવું. ટૂંકાગાળે રૂ.૧૦૩ સ્ટ્રોંગ સપોર્ટ ધ્યાને લેવો...!!

## સ્મોલ સેવિંગ્ઝ સ્ક્રીપો

(૧) **IDBI બેન્ક (૧૦૯)** : પ્રાઈવેટ બેન્ક સેક્ટરનો આ સ્ટોક ડિલેવરીબેઈઝ રૂ.૧૧૪ થી રૂ.૧૧૮ ના ભાવ સપાટીની સંભાવના ધરાવે છે...!! રૂ.૯૮ નો સ્ટ્રોંગ સપોર્ટ ધ્યાને લેવો...!!

(૨) **SJVN લિ. (૭૧)** : ડિલેવરીબેઈઝ રોકાણકારે પાવર જનરેશન સેક્ટર સેક્ટરનાં આ સ્ટોકને ૬૫ ના અતિ મહત્વના સ્ટ્રોંગ સપોર્ટથી ટ્રેડિંગ સંદર્ભે રૂ.૭૫ થી રૂ.૮૦ સુધીની ભાવ સપાટી નોંધાવશે...!!!

(૩) **IFCI લિ. (૫૪)** : ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૪૮ નો પ્રથમ તેમજ રૂ.૪૩ ના સ્ટ્રોંગ સપોર્ટથી ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટ્યુશન સેક્ટરનો આ સ્ટોક ટુંકાગાળે ૫૮ થી રૂ.૬૨ સુધીના ભાવ સપાટી સ્પર્શી શકે તેવી શકયતા...!!

(૪) **NMDC સ્ટીલ (૩૮)** : રૂ.૩૩ ના સ્ટ્રોંગ સપોર્ટથી રોકાણલક્ષી આ સ્ટોક મધ્યગાળે રૂ.૪૨ થી રૂ.૪૭ ની ભાવ સપાટી દર્શાવે તેવી સંભાવના છે....!!

The Securities quoted are for illustration only and are not recommendatory. Investment in securities market are subject to market risks.
Read Disclaimer and related all the documents carefully before investing, mentioned on www.nikhilbhatt.in
ખાસ નોંધ : ડિસ્કલેમર/પોલીસી/શરતો-https://www.capsavaj.com/policies ને આધિન....!!

**તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...**

**નિફ્ટી ફ્યુચર રેન્જ ૨૪૩૭૩ થી ૨૪૮૦૮ પોઈન્ટ ધ્યાને લેવી...!!!**

## સરકારી સિક્યોરિટીઝની રૂપિયા ૨૦,૦૦૦ કરોડ રૂપિયાની સ્વિચ ઓક્શન...!!!




ભારતીય રિઝર્વ બેંક એ કહ્યું છે કે તે ૯ માર્ચ, ૨૦૨૬ ના રોજ ૨૦,૦૦૦ કરોડ રૂપિયાની સરકારી સિક્યોરિટીઝની સ્વિચ ઓક્શન કરશે. પરિણામો તે જ દિવસે જાહેર કરવામાં આવશે અને સમાધાન ૧૦માર્ચ, ૨૦૨૬ ના રોજ થશે. આગામી નાણાકીય વર્ષમાં, જ્યારે ૫.૪૭ લાખ કરોડ રૂપિયાના સરકારી બોન્ડ મેચ્યોરિટીઝ બાકી છે, ત્યારે સ્વિચ ઓપરેશન રિડમ્પશન દબાણને ઓછું કરે તેવી શક્યતા છે. ફેબ્રુઆરી પછી RBI દ્વારા જાહેર કરાયેલ આ ચોથી સ્વિચ ઓકશન છે. આ પહેલા, RBI એ ત્રણ સ્વિચ ઓકશન હાથ ધર્યા હતા અને ૯૮,૬૯૧.૭૦૧ કરોડ રૂપિયાની સિક્યોરિટીઝ ખરીદી હતી. બોન્ડ સ્વિચમાં, સરકાર નજીકના ગાળામાં પરિપક્વ થતા બોન્ડ્સને લાંબા ગાળાના સાધનોથી બદલે છે. ગ્રોસ માર્કેટ બોરોઈંગ પહેલાથી જ રૂ. ૧૭.૨ લાખ કરોડનું બજેટ ધરાવતું હોવાથી, આ પગલું વધુ સંતુલિત પરિપક્વતા પ્રોફાઈલને ટેકો આપે છે અને વધુ સારી ચુકવણી વ્યવસ્થાપનની સુવિધા આપે છે.

## રામકી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ૧૪૦૧.૮૪ કરોડ રૂપિયાના કોન્ટ્રાક્ટ મેળવવા માટે ઝડપથી આગળ વધી રહ્યું છે...!!!

રામકી ઈન્ફ્રાસ્ટ્રક્ચરે દિલ્હી મુંબઈ ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર હેઠળ દિઘી પોર્ટ ઈન્ડસ્ટ્રિયલ એરિયા ફેઝ ૧ માં EPC-આધારિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર કાર્યો માટે મહારાષ્ટ્ર ઈન્ડસ્ટ્રિયલ ટાઉનશીપ સાથે કરાર કર્યો છે. GST અને ઓપરેશન્સ અને મેન્ટેનન્સ આવક સહિત કુલ કોન્ટ્રાક્ટ મૂલ્ય ૧૪૦૧.૮૪ કરોડ રૂપિયા છે. આ પ્રોજેક્ટ નિયત તારીખથી ૯૩૦ દિવસ અને COD તારીખથી ૪ વર્ષના OM સમયગાળામાં પૂર્ણ કરવાનો રહેશે, જે પરસ્પર ચર્ચા પછી લંબાવી શકાય છે.

MITL એ ભારત સરકાર અને મહારાષ્ટ્ર રાજ્ય સરકારની ઈક્વિટી ભાગીદારીથી મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં DPIAના પાર્સલ B વિકસાવવા માટે રચાયેલ એક સ્પેશિયલ પર્પઝ વ્હીકલ છે. કાર્યક્ષેત્રમાં ડિઝાઈન અને એન્જિનિયરિંગથી બાંધકામ, પરીક્ષણ, કમિશનિંગ અને પ્રદર્શન-આધારિત કામગીરી દ્વારા એન્ડ-ટુ-એન્ડ ડિલિવરીનો સમાવેશ થાય છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર પેકેજમાં મુખ્ય ઔદ્યોગિક-ક્ષેત્ર નેટવર્ક્સ, જેમ કે રસ્તાઓ અને સંલગ્ન માળખાં, વરસાદી પાણીની વ્યવસ્થા, પાણીની શુદ્ધિકરણ અને વિતરણ, ગટર વ્યવસ્થા, રિસાયકલ કરેલ પાણી વિતરણ, વીજળી વિતરણ અને ICT માટે ઉપયોગિતા નળીઓ, અન્ય સંકળાયેલ કાર્યોનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં DPIA વિકાસનો એક ભાગ છે.

રામકી ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેની આંતરિક ઈજનેરી, આયોજન અને કમિશનિંગ ક્ષમતાઓનો ઉપયોગ કરીને પ્રોજેક્ટ હાથ ધરશે, જે પ્રમાણિત દેખરેખ અને ડિલિવરી નિયંત્રણો દ્વારા સમર્થિત છે. કામગીરીની તૈયારી શરૂઆતથી જ અમલીકરણ રોડમેપમાં બનાવવામાં આવશે, જે કમિશનિંગથી પ્રદર્શન-આધારિત કામગીરીમાં સરળ સંક્રમણને સક્ષમ બનાવશે અને સુસંગત સેવા પરિણામો સુનિશ્ચિત કરશે.

## ભારત માટે વેપાર અને સપ્લાય ચેઈન અંગે ચિંતા...!!!

પશ્ચિમ એશિયામાં પરિસ્થિતિના અચાનક બગડવાથી ભારતની ચિંતાઓમાં વધારો થયો છે. ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલના હુમલા અને તેના સર્વોચ્ચ નેતા ખામેનેઈના મૃત્યુ બાદ, આખો પ્રદેશ યુદ્ધની જ્વાળાઓમાં ડૂબી ગયો છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, ભારતે તેની તકેદારી વધારી છે. સરકારની સૌથી મોટી ચિંતા વૈશ્વિક શિપિંગ રૂટ્સ છે. ઈરાને યુએઈ, બહેરીન, કુવૈત અને કતાર જેવા ખાડી દેશો પર હુમલો કરીને બદલો લીધો હોવાથી, દરિયાઈ વેપાર ખોરવાઈ શકે છે. યુદ્ધ કેવી રીતે વધે છે તે નક્કી કરવા માટે સરકાર પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહી છે. જો યુદ્ધ વધુ ફેલાશે, તો માત્ર ગલ્ફ દેશો જ નહીં પરંતુ યુરોપ અને યુનાઈટેડ સ્ટેટ્સ સાથે પણ વેપાર પર ગંભીર અસર પડશે. ગલ્ફમાં તણાવને કારણે, જહાજોને આફ્રિકા હેઠળ કેપ ઓફ ગુડ હોપની આસપાસ લાંબો માર્ગ અપનાવવો પડી શકે છે. ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશન અનુસાર, જ્યારે નિકાસ હાલમાં સંપૂર્ણપણે બંધ નહીં થાય, ત્યારે જોખમો નોંધપાત્ર રીતે વધ્યા છે. જો તણાવ લંબાશે, તો શિપિંગ ખર્ચ વધશે અને ડિલિવરીમાં વિલંબ થશે. આ કટોકટી ભારતીય અર્થતંત્ર માટે મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. જો યુદ્ધ વધશે તો ઈંધણના ભાવ (પેટ્રોલ અને ડીઝલ) વધશે, જેના કારણે ફુગાવો વધી શકે છે. સરકારી તિજોરી પર બોજ વધશે અને વિદેશથી આવતા રેમિટન્સને પણ અસર થઈ શકે છે.

## જીઈ શિપિંગ સેકન્ડ હેન્ડ કામસાર મેક્સ ડ્રાય બલ્ક કેરિયર ખરીદવા માટે કરાર કરી રહ્યું છે...!!!

ગ્રેટ ઈસ્ટર્ન શિપિંગ કંપનીએ ૪ માર્ચ, ૨૦૨૬ના રોજ લગભગ ૮૧,૦૯૪ dwt નું સેકન્ડહેન્ડ કામસારમેક્સ ડ્રાય બલ્ક કેરિયર ખરીદવા માટે કરાર કર્યો છે. ૨૦૧૪ માં બનેલ જાપાની જહાજ Q1FY27 સુધીમાં કંપનીના કાફલામાં જોડાય તેવી અપેક્ષા છે. પ્રસ્તાવિત જહાજને સંપૂર્ણપણે આંતરિક સંચયમાંથી ભંડોળ પૂરું પાડવામાં આવશે. આ સંપાદનનો હેતુ કાફલાનું વિસ્તરણ કરવાનો છે. કંપનીના વર્તમાન માલિકીના કાફલામાં ૪૧જહાજો છે, જેમાં ૨૭ ટેન્કર (૫ ક્રૂડ ટેન્કર, ૧૭ પ્રોડક્ટ ટેન્કર, 5 LPG કેરિયર) અને ૧૪ ડ્રાય બલ્ક કેરિયર (૨ કેપસાઈઝ, ૯ કામસારમેકસ, ૧ અલ્ટ્રામેક્સ, ૨ સુપ્રામેક્સ) નો સમાવેશ થાય છે જે કુલ ૩.૨૫ મિલિયન dwt છે. કંપનીની વર્તમાન ક્ષમતાનો ઉપયોગ ૧૦૦% ની નજીક છે. વધુમાં, કંપનીએ એક ખૂબ જ મોટા ગેસ કેરિયર 'જગ વિષ્ણુ' વેચવાનો કરાર કર્યો છે, અને આ વેચાણ વ્યવહાર Q4FY26 માં પૂર્ણ થવાની અપેક્ષા છે.

## રૂપિયા ૭૬,૦૦૦ કરોડના મ્યુચ્યુઅલ ફંડ પોર્ટફોલિયોમાં ફેરફાર...!!!

મ્યુચ્યુઅલ ફંડ હાઉસોને સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાના નવા નિયમોનું પાલન કરવા માટે લગભગ રૂ.૭૬,૦૦૦ કરોડના પોર્ટફોલિયોમાં ફેરફાર કરવાની ફરજ પડી શકે છે, જેનો હેતુ સ્કિમો વચ્ચે મોટાપાયે ઓવરલેપને રોકવાનો છે. હાલમાં ૫૧ જેટલી સેક્ટરલ અને થીમેટિક સ્કિમો એક જ એસેટ મેનેજમેન્ટ કંપનીમાં અન્ય ઈક્વિટી સ્કિમ સાથે ૫૦ ટકાથી વધુ પોર્ટફોલિયો ઓવરલેર ધરાવે છે. આ સરખામણીમાં લાર્જ-કેપ ફંડ્સને બાદ કરતાં અન્ય થીમેટિક ફંડ્સ અને ડાઈવર્સિફાઈડ ઈક્વિટી સ્કિમો બન્ને સાથે ઓવરલેપનો સમાવેશ થાય છે. જો કે, એવા કેસોની સંખ્યા ઘણી ઓછી છે, જેમાં અર્થપૂર્ણ પોર્ટફોલિયોમાં ફેરફાર થઈ શકે છે. રૂ.૧૦૦૦ કરોડથી ઓછી સંપત્તિ ધરાવતા ફંડોને બાદ કરતાં, ફક્ત ૧૩ સ્કિમો ૫૨ ટકાથી વધુ ઓવરલેપ દર્શાવે છે. નિયમાક તંત્રએ નિયમનું પાલન કરવા માટે ફંડ હાઉસો માટે એક તબક્કાવાર અમલીકરણ સમય રેખા જારી કરી છે.

## ભારત અમેરિકા, આફ્રિકાથી ક્રૂડ ઓઈલ આયાત કરશે...!!!

ભારતીય રિફાઈનર્સ પશ્ચિમ આફ્રિકા, ઓમાન અને યુએસ સહિત હોર્મુઝ સ્ટ્રેટને બાયપાસ કરીને વૈકલ્પિક ક્રૂડ ઓઈલ સપ્લાય રૂટ્સને પ્રાથમિકતા આપી રહ્યા છે. પશ્ચિમ એશિયામાં કટોકટી વધુ ઘેરી બનતી જાય છે તેમ તેઓ નજીકના ભવિષ્યમાં સ્થળ ખરીદી માટે 'પાણી પર તેલ' પર પણ વિચાર કરી રહ્યા છે. ઓઈલ ઓન વોટર એટલે જહાજ પર લોડ કરાયેલા ક્રૂડ ઓઈલનો જથ્થો જે હાલમાં સમુદ્રમાં છે, પરંતુ હજુ સુધી ખરીદનારને ગંતવ્ય બંદર પર પહોંચાડવામાં આવ્યો નથી. પશ્ચિમી દેશો દ્વારા લાદવામાં આવેલા તાજેતરના પ્રતિબંધોને કારણે, આવા શિપમેન્ટનું પ્રમાણ નોંધપાત્ર રીતે વધ્યું છે.

## નેક્ટર લાઈફસાયન્સિસ એવેન્સિસ એક્સપોર્ટમાં ૧૦૦% હિસ્સો...!!!

નેક્ટર લાઈફસાયન્સિસને એવેન્સિસ એક્સપોર્ટ્સ ની ૧૦૦% પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડી હસ્તગત કરવાની મંજૂરી મળી ગઈ છે. AEPL ના પ્રસ્તાવિત સંપાદનથી કંપનીને રિયલ એસ્ટેટ વ્યવસાયમાં પ્રવેશ કરવામાં મદદ મળશે. જમીનમાં AEPLના રોકાણ અને અન્ય રિયલ એસ્ટેટ કંપનીઓ સાથેના સહયોગથી કંપનીને રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં તેના પગપેસારો કરવામાં મદદ મળશે. આ રોકાણ કંપનીને રિયલ એસ્ટેટ વ્યવસાયમાં વૈવિધ્યીકરણ કરવા, તેની સ્થિતિ મજબૂત કરવા દેશે. ઉપરોક્ત સંપાદનનો ખર્ચ રૂ. ૨૪.૯૬ લાખ છે અને તે ૧ મહિનાના સમય ગાળામાં પૂર્ણ થવાની અપેક્ષા છે. સંપાદન પછી, AEPL કંપનીની સંપૂર્ણ માલિકીની પેટાકંપની બનશે.

# સ્પોર્ટ્સ ન્યુઝ

### વર્લ્ડકપમાંથી રમ્યા વિના જ થયા આઉટ

## ઈરાન-ઈઝરાયેલ-યુએસ યુદ્ધને કારણે રોળાયું ભારતીય ખેલાડીઓનું સપનુ

**પશ્ચિમ એશિયામાં તણાવને કારણે ભારતીય જુનિયર બોક્સિંગ ટીમના પાસપોર્ટ યુએઈમાં ફસાઈ ગયા હતા**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૮ :** ભારતીય બોક્સિંગ જગતમાંથી નિરાશાજનક સમાચાર સામે આવ્યા છે. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા લશ્કરી સંઘર્ષ અને તણાવે ભારતીય જુનિયર બોક્સિંગ ટીમના વર્લ્ડ કપમાં ભાગ લેવાના સ્વપ્નને રોળી કરી નાખ્યું છે.

અહેવાલ મુજબ, ૧૦ સભ્યોની ભારતીય જુનિયર બોક્સિંગ ટીમ (૫ છોકરાઓ અને ૫ છોકરીઓ) મોન્ટેનેગ્રોના બુડવામાં યુથ વર્લ્ડ કપ (૩-૧૧ માર્ચ) માં ભાગ લેવાની હતી. જોકે, પશ્ચિમ એશિયામાં બગડતી પરિસ્થિતિને કારણે લોજિસ્ટિકલ સમસ્યાઓના કારણે ટીમને ટુર્નામેન્ટમાંથી ખસી જવાની ફરજ પડી.

મોન્ટેનેગ્રોનું ભારતમાં દૂતાવાસ ન હોવાથી, બોક્સિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (BFI) એ UAE માં મોન્ટેનેગ્રો દૂતાવાસમાં વિઝા માટે અરજી કરી. નિયમો અનુસાર, ફિઝિકલ પાસપોર્ટ પર સ્ટેમ્પ લગાવવો આવશ્યક છે, તેથી તમામ ખેલાડીઓના પાસપોર્ટ ૨૦ ફેબ્રુઆરીએ UAE મોકલવામાં આવ્યા હતા. જોકે, મધ્ય પૂર્વમાં અચાનક તણાવ વધવાને કારણે, પાસપોર્ટ સમયસર ભારત પરત કરી શકાયા નહીં, જેના કારણે ટીમ મોન્ટેનેગ્રો જઈ શકી નહીં.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ખેલાડીઓના વિઝા પહેલાથી જ ઈમેઈલ દ્વારા કન્ફર્મ કરવામાં આવ્યા હતા, અને ફ્લાઈટ ટિકિટો સ્ટેન્ડબાય પર હતી.

પાસપોર્ટ ઝડપી બનાવવા માટે BFI મોન્ટેનેગ્રો સત્તાવાળાઓ અને ભારતના વિદેશ મંત્રાલય (MEA) સાથે સતત સંપર્કમાં રહ્યું, પરંતુ યુદ્ધ જેવી પરિસ્થિતિએ તમામ પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા. આ વહીવટી અને ભૂ-રાજકીય અવરોધે ભારતના ઉભરતા બોક્સરોને રિંગમાં પ્રવેશ્યા વિના પણ વર્લ્ડ કપમાંથી બહાર નીકળવાની ફરજ પાડી.

### વિદેશ મંત્રાલયે એડવાઈઝરી જાહેર કરી

## ઈરાન યુદ્ધ વચ્ચે ૫૨૦૦૦ ભારતીયોની વતન વાપસી

**વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે, વિદેશમાં વસતા ભારતીય નાગરિકોની સુરક્ષા અને સુખાકારી તેમની સર્વોચ્ચ અગ્રતા**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૮**

પશ્ચિમ એશિયામાં અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધી રહેલા ભયાનક તણાવને પગલે ભારત સરકાર એક્શન મોડમાં આવી ગઈ છે. વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે, વિદેશમાં વસતા ભારતીય નાગરિકોની સુરક્ષા અને સુખાકારી તેમની સર્વોચ્ચ અગ્રતા છે.

વિદેશ મંત્રાલયે મોડી રાત્રે જારી કરેલા નિવેદનમાં જણાવ્યું છે કે, મિડલ ઈસ્ટના તણાવગ્રસ્ત વિસ્તારોમાં હવાઈ માર્ગો આંશિક રીતે ખૂલ્યા બાદ અત્યાર સુધીમાં ૫૨,૦૦૦ થી વધુ ભારતીય નાગરિકો સુરક્ષિત રીતે સ્વદેશ પરત ફર્યા છે.

યુદ્ધની સ્થિતિને કારણે એરસ્પેસ બંધ થવા અને સુરક્ષાના કારણોસર હવાઈ કામગીરીને મોટી અસર થઈ છે. માત્ર શનિવારે જ દિલ્હી અને મુંબઈ એરપોર્ટ પરથી આશરે ૧૦૦ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. ૩૫ ફ્લાઈટ્સ રદ થઈ છે, જ્યારે ૩૬ ફ્લાઈટ્સનું આગમન રદ કરવામાં આવ્યું છે. ૨૨ ફ્લાઈટ્સ રદ થઈ છે અને ૧૭ ફ્લાઈટ્સનું આગમન રદ કરાયું છે. દિલ્હી એરપોર્ટ ઓપરેટર (DIAL) એ 'X' પર પોસ્ટ કરીને માહિતી આપી છે કે, પશ્ચિમ તરફ જતી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સમાં વિલંબ થઈ શકે છે અથવા તેમના સમયપત્રકમાં ફેરફાર થઈ શકે છે.

વિદેશ મંત્રાલયે વિસ્તારના તમામ ભારતીય નાગરિકોને કેટલીક અપીલ કરી છે કે, સ્થાનિક સત્તાવાળાઓની માર્ગદર્શિકાનું કડક પાલન કરો. ભારતીય મિશનો (એમ્બેસી) દ્વારા જારી કરવામાં આવેલી સલાહ (Advisory) ને અનુસરો.

કોઈપણ સહાય માટે ભારતીય મિશનો દ્વારા સ્થાપિત ૨૪-કલાક ચાલુ હેલ્પલાઈનનો સંપર્ક કરો. ભારત સરકાર સહાયની જરૂરિયાતવાળા તમામ લોકોને સુવિધા પૂરી પાડવા માટે આખા ક્ષેત્રની સરકારો સાથે મળીને કામ કરી રહી છે.

૨૮ ફેબ્રુઆરીથી શરૂ થયેલો સંઘર્ષ હવે વધુ વકરી રહ્યો છે. અમેરિકા અને ઈઝરાયલ સતત ઈરાની ઠેકાણાઓ પર બોમ્બમારો કરી રહ્યા છે, જ્યારે ઈરાને પણ વળતો હુમલો કરીને ઈઝરાયલી અને અમેરિકી લશ્કરી મથકોને નિશાન બનાવ્યા છે. સુરક્ષાની સ્થિતિ અત્યંત અનિશ્ચિત બનેલી છે.

## ઝારખંડની હોસ્પિટલે બાળકના મોત પછી પ્લાસ્ટિકના ડબ્બામાં આપ્યો મૃતદેહ

**મૃતદેહ પ્લાસ્ટિકના ડબ્બામાં રાખીને ગામ સુધી લઈ જવો પડ્યો હતો : એમ્બ્યુલન્સ પણ આપવામાં ન આવી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**રાંચી, તા.૦૮**

ઝારખંડના ચક્રધરપુર અનુમંડલ હોસ્પિટલમાંથી માનવતાને શરમાવે તેવી ઘટના સામે આવી છે. અહીં આરોગ્ય વિભાગે બેદરકારીની હદ પાર કરી દીધી છે. અહીં હોસ્પિટલના વહીવટી તંત્રએ એક નવજાત બાળકના મોત પછી પરિવારજનોને તેનો મૃતદેહ પ્લાસ્ટિકના ડબ્બામાં ભરીને આપી દીધો હતો. એટલું જ નહીં, હોસ્પિટલ તરફથી એમ્બ્યુલન્સ પણ આપવામાં નહોતી આવી અને કોઈ મદદ પણ કરી નહીં. આખરે પરિવારજનોને માત્ર બેદરકારી હાથ લાગી.

કરેકેલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા બંગરાસાઈ ગામના રામકૃષ્ણ હેમ્બ્રમે ત્રણ દિવસ પહેલા પોતાની પત્ની રીતા તિરિયાને ડિલિવરી માટે આ હોસ્પિટલમાં દાખલ કરી હતી. શનિવારે રીતાએ બાળકને જન્મ આપ્યો, પણ થોડા જ સમયમાં નવજાતનું મોત થયું. પરિવારજનોનો સીધો આરોપ છે કે હોસ્પિટલ મેનેજમેન્ટે કોઈ મદદ કરી નહીં, ન તો મૃતદેહ ઘરે પહોંચાડવા માટે એમ્બ્યુલન્સ આપી, ન તો કોઈ વિકલ્પ આપ્યો. મજબૂરીમાં રામકૃષ્ણે બાળકનો મૃતદેહ પ્લાસ્ટિકના ડબ્બામાં રાખીને ગામ સુધી લઈ જવો પડ્યો.

ગ્રામજનોનું કહેવું છે કે, ગામના ગરીબ દર્દીઓ સાથે હંમેશા હોસ્પિટલોમાં ભેદભાવ થાય છે. જો હોસ્પિટલ ઈચ્છે તો એમ્બ્યુલન્સથી મૃતદેહ અને પરિવારજનોને ઘરે પહોંચાડી શકે છે.

આ ઘટના કોલ્હાન ડિવિઝનના ચાઈબાસા મુખ્યાલયની છે, જ્યાં ખનિજ સંપત્તિથી કરોડો-અરબો રૂપિયાની આવક થાય છે, પણ આરોગ્ય સુવિધાઓ તો જૂની અને બેકાર છે. થોડા દિવસો પહેલા થેલેસેમિયા દર્દીને HIV સંક્રમિત લોહી ચઢાવવાનો કિસ્સો થયો હતો, નવજાતોના મૃતદેહને થેલી કે ડબ્બામાં લઈ જવામાં આવે છે. હવે સવાલ એ છે કે આખરે ઝારખંડની આરોગ્ય વ્યવસ્થા ક્યારે સુધરશે? ગરીબો અને આદિવાસીઓને માનસિક અને યોગ્ય સારવાર ક્યારે મળશે?

### ઈરાનનો ઈઝરાયેલ પર વળતો પ્રહાર

## ઈરાને પ્રહાર કરી હાઈફા રિફાઈનરીને બનાવી નિશાન

**ઈરાને ઈઝરાયલના સૌથી મોટા ઓઈલ રિફાઈનરી કોમ્પ્લેક્સ પર મિસાઈલ હુમલો કરવાનો દાવો કર્યો છે**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**તેહરાન, તા.૦૮**

અમેરિકા-ઈઝરાયલ-ઈરાન યુદ્ધ હવે ખતરનાક વળાંક લઈ રહ્યું હોય તેવું લાગે છે. ઈરાને ઈઝરાયલના સૌથી મોટા ઓઈલ રિફાઈનરી કોમ્પ્લેક્સ પર મિસાઈલ હુમલો કરવાનો દાવો કર્યો છે. આ હુમલામાં હાઈફા ખાડીમાં બાઝાન ગ્રુપ રિફાઈનરીને નિશાન બનાવવામાં આવી હતી. તેને ઈઝરાયલની ઉર્જા પ્રણાલીની કરોડરજ્જુ માનવામાં આવે છે. ઈરાનની આ કાર્યવાહીથી સમગ્ર ક્ષેત્રમાં ખળભળાટ મચી ગયો છે. એ નોંધવું પણ મહત્વપૂર્ણ છે કે આ રિફાઈનરી ભારત અને ઈઝરાયલના આર્થિક હિતો સાથે જોડાયેલી છે. તેથી, આ હુમલા પછી, સવાલો ઉભા થયા છે કે શું હાઈફા હવે યુદ્ધનું સૌથી મોટું લક્ષ્ય બનવા જઈ રહ્યું છે.

ઈરાને જણાવ્યું છે કે તેની મિસાઈલોએ ઈઝરાયેલની સૌથી મોટી ઓઈલ રિફાઈનરી હાઈફા પર હુમલો કર્યો છે. આ એક એવી સુવિધા છે જે ભારત અને ઈઝરાયેલ સાથે જોડાયેલી છે. આ હુમલાને કારણે ઈઝરાયેલને મોટા આર્થિક અને સંરક્ષણ નુકસાનનો સામનો કરવો પડી શકે છે. ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ જણાવ્યું હતું કે, શનિવારે Kheibar Shekan સોલિડ-ફ્યુઅલ બેલેસ્ટિક મિસાઈલોનો ઉપયોગ કરીને હાઈફા ખાડીમાં આવેલી Bazan Group ઓઈલ રિફાઈનરીને નિશાન બનાવવામાં આવી હતી.

IRGC ના જણાવ્યા અનુસાર, ઈરાનના ઉર્જા ક્ષેત્ર પર તાજેતરના અમેરિકા-ઈઝરાયેલના હુમલાના બદલામાં આ હુમલો કરવામાં આવ્યો હતો. ઈરાને કહ્યું કે તે હુમલાઓમાં તેહરાનની આસપાસના ઓઈલ ડેપો પર થયેલા હુમલાનો પણ સમાવેશ થાય છે. આ વીડિયો IRAN NOW અને તહેરાન ટાઈમ્સ દ્વારા પ્રસારિત કરવામાં આવ્યો છે. ABP NEWS આ વીડિયોની પુષ્ટિ કરતું નથી.

ઈરાની અધિકારીઓએ જણાવ્યું હતું કે, રિફાઈનરી પર મિસાઈલ હુમલો ઈરાની ઓઈલ સ્ટોરેજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરના ઈઝરાયેલી હુમલાના જવાબ તરીકે આપવામાં આવ્યો હતો. હાઈફા ખાડીમાં બાઝાન ગ્રુપ દ્વારા સંચાલિત આ રિફાઈનરી ઈઝરાયેલની સૌથી મોટી તેલ પ્રોસેસિંગ સુવિધા છે. અહેવાલો કહે છે કે તે ઈઝરાયેલના સ્થાનિક ઈંધણના લગભગ ૫૦ થી ૬૦ ટકા જેટલો પુરવઠો પૂરો પાડે છે. જૂન ૨૦૨૫ માં ઈરાની મિસાઈલ હુમલા દરમિયાન પણ આ સ્થળને નિશાન બનાવવામાં આવ્યું હતું. તે હુમલામાં ૩ કામદારોના મોત થયા હતા, ડઝનબંધ લોકો ઘાયલ થયા હતા અને રિફાઈનરીને કેટલાક મહિનાઓ સુધી બંધ રહેવાની ફરજ પડી હતી.

### પ્રોટોકોલના ઉલ્લંઘન મામલે મોદીના ટીએમસી પર પ્રહાર

## આ માત્ર રાષ્ટ્રપતિ જ નહીં, પણ બંધારણનું અપમાન

**પીએમ મોદીએ કહ્યું કે, TMCની ગંદી રાજનીતિ અને સત્તાના અહંકારને બંગાળની જનતા જલદી તોડી નાખશે**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૮**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રવિવારે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે દિલ્હીથી લગભગ ૩૩,૫૦૦ કરોડ રૂપિયાના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યું. આ પ્રસંગે જનસભાને સંબોધતા તેમણે પશ્ચિમ બંગાળની TMC સરકાર પર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના પ્રોટોકોલનું ઉલ્લંઘન કરવા બદલ આકરા પ્રહારો કર્યા. પીએમ મોદીએ TMC પર રાષ્ટ્રપતિના અપમાનનો આરોપ લગાવ્યો. વડાપ્રધાન મોદીએ જનસભામાં કહ્યું કે, 'આજે દેશ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવી રહ્યો છે અને ગઈ કાલે પશ્ચિમ બંગાળમાં TMC સરકારે દેશના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનું અપમાન કર્યું છે. દ્રૌપદી મુર્મુ સંથાલ સમુદાયના એક મોટા કાર્યક્રમમાં ભાગ લેવા બંગાળ ગયા હતા, પણ રાષ્ટ્રપતિનું સન્માન કરવાને બદલે TMCએ આ પવિત્ર અને મહત્વપૂર્ણ કાર્યક્રમનો બહિષ્કાર કર્યો.'

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, 'દ્રૌપદી મુર્મુ પોતે આદિવાસી સમુદાયમાંથી આવે છે અને હંમેશાં તેમના વિકાસ માટે ચિંતિત રહે છે. TMC સરકારે એ કાર્યક્રમને કુપ્રબંધનના ભરોસે છોડી દીધો. આ માત્ર રાષ્ટ્રપતિનું નહીં, પણ ભારતના બંધારણનું પણ અપમાન છે. આ બંધારણની ભાવનાનું અપમાન છે. આ લોકશાહીની મહાન પરંપરાનું પણ અપમાન છે.' પ્રધાનમંત્રીએ ભારપૂર્વક કહ્યું કે, આ વર્તન બંધારણની ભાવનાના વિરુદ્ધ છે.

વડાપ્રધાન મોદીએ આગળ કહ્યું કે, 'આપણા દેશમાં કહેવાય છે કે કોઈ વ્યક્તિ કેટલો પણ શક્તિશાળી કેમ ન હોય, અંતે અહંકાર જ તેનો વિનાશ કરે છે. આજે દેશની રાજધાનીમાંથી હું આપ સૌને અપીલ કરું છું કે TMCની ગંદી રાજનીતિ અને સત્તાનો અહંકાર, જેમણે એક આદિવાસી રાષ્ટ્રપતિના ગૌરવને અપમાનિત કર્યું છે, તે જલદી તૂટી જશે.' તેમણે કહ્યું કે પશ્ચિમ બંગાળની સમજદાર જનતા TMCને એક મહિલા, એક આદિવાસી અને દેશના રાષ્ટ્રપતિના અપમાન માટે ક્યારેય માફ નહીં કરે. દેશ પણ તેમને ક્યારેય માફ નહીં કરે. દેશનો આદિવાસી સમુદાય પણ તેમને ક્યારેય માફ નહીં કરે. દેશની મહિલાઓ પણ તેમને ક્યારેય માફ નહીં કરે.

આ વિવાદ રાષ્ટ્રપતિ મુર્મુના ઉત્તર બંગાળ પ્રવાસ દરમિયાન સામે આવ્યો હતો, જ્યાં તેઓ દાર્જિલિંગ જિલ્લામાં ૯મા આંતરરાષ્ટ્રીય સંથાલ સંમેલનમાં મુખ્ય અતિથિ તરીકે પહોંચ્યા હતા. મૂળ કાર્યક્રમ વિધાનનગર (ફાંસીદેવા બ્લોક)માં યોજાવાનો હતો, જ્યાં મોટી સંખ્યામાં સંથાલ આદિવાસી સમુદાયના લોકો આવવાના હતા, પણ રાજ્ય પ્રશાસને સુરક્ષા, ભીડ અને અન્ય કારણો જણાવીને કાર્યક્રમને બાગડોગરા એરપોર્ટ પાસેના ગોશાઈપુર ખાતે ખસેડી દીધો. રાષ્ટ્રપતિએ પોતે આ સ્થળમાં ફેરફાર કરવા પર અસંતોષ વ્યક્ત કર્યો અને કહ્યું કે નવું સ્થળ નાનું હતું, જેના કારણે ઘણા લોકો આવી શક્યા નહીં.

તેમણે મમતા બેનર્જીને નાની બહેન કહીને પૂછ્યું કે શું તેઓ તેમના પર ગુસ્સે છે, કારણ કે ન તો મુખ્યમંત્રી અને ન તો કોઈ મંત્રી તેમને રિસીવ કરવા આવ્યા, જ્યારે પદના ગૌરવ માટે પ્રોટોકોલનું પાલન જરૂરી છે. આ મુદ્દે BJP મમતા બેનર્જી અને TMC સરકાર પર સતત હુમલા કરી રહી છે. જોકે, મમતા બેનર્જીએ BJPના તમામ આરોપોને ફગાવી દીધા છે અને કહ્યું છે કે રાજ્ય સરકારને આ કાર્યક્રમ વિશે કોઈ જાણકારી નહોતી.

## JDUમાં સામેલ થયા નીતિશ કુમારના પુત્ર નિશાંત કુમાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

**પટણા, તા.૦૮**

બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારના પુત્ર નિશાંત કુમાર રવિવારે (૦૮ માર્ચ, ૨૦૨૬) જેડીયુમાં સામેલ થઈ ગયા છે. આ પ્રસંગે પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ ઉમેશ કુશવાહા, કેન્દ્રીય મંત્રી લલન સિંહ, સંજય ઝા, બિજેન્દ્ર યાદવ, વિજય ચૌધરી જેવા મોટા નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. સભ્યપદ ગ્રહણ કરતી વખતે નિશાંત કુમારે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.


નિશાંત કુમારે કહ્યું, "અહીં હાજર રહેલા આપ સૌ લોકોનું અભિવાદન કરું છું અને આભાર વ્યક્ત કરું છું. હું જેડીયુ કાર્યાલય આવ્યો છું અને અહીં જેડીયુનું સભ્યપદ ગ્રહણ કરવા આવ્યો છું. હું એક સક્રિય સભ્ય તરીકે પાર્ટીનું ધ્યાન રાખવાનો પ્રયત્ન કરીશ. મારા પિતાએ રાજ્યસભામાં જવાનો નિર્ણય લીધો છે, જે તેમનો અંગત નિર્ણય છે. હું તેનો સ્વીકાર કરું છું અને આદર કરું છું." નિશાંતે કહ્યું, "પાર્ટીએ અને જનતાએ મારા પર જે વિશ્વાસ મૂક્યો છે, તેના પર હું ખરો ઉતરવાનો પ્રયત્ન કરીશ. પાર્ટીના કાર્યકર તરીકે હું પાર્ટીના સંગઠનને મજબૂત બનાવવાની કોશિશ કરીશ.

પપ્પાએ ૨૦ વર્ષમાં જે કર્યું છે, તેને જન-જન સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરીશ. મારા પિતાજીએ ૨૦ વર્ષમાં જે કર્યું છે તે દરેકને યાદ રહેશે. પિતાએ ૨૦ વર્ષમાં જે કાર્યો કર્યા છે તેના પર સમગ્ર દેશવાસીઓને ગર્વ છે." આ પ્રસંગે મુખ્યમંત્રી નીતીશ કુમાર હાજર નહોતા. નીતીશ કુમારના ક્યારેક નજીકના ગણાતા આરસીપી સિંહે ઠ પર પોસ્ટ કરીને લખ્યું છે કે, "પ્રિય નિશાંત, તમને સક્રિય રાજકારણમાં આવવા બદલ ખૂબ ખૂબ શુભેચ્છાઓ અને આશીર્વાદ."

આ સભ્યપદ ગ્રહણ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પાર્ટીના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યકરો નિશાંત કુમાર ઝિંદાબાદ ના નારા લગાવતા જોવા મળ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, આ પહેલા નિશાંત કુમારે જેડીયુના કાર્યકારી અધ્યક્ષના ઘરે ગત શનિવારે (૦૭ માર્ચ, ૨૦૨૬) પાર્ટીના વરિષ્ઠ નેતાઓ અને યુવા ધારાસભ્યો સાથે બેઠક કરી હતી. બેઠકમાં પાર્ટીની આગામી રણનીતિ અને પાર્ટીને કેવી રીતે સારી રીતે આગળ વધારવી, તે બાબતે ચર્ચા થઈ હતી.

## શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સામે કેસ કરનાર આશુતોષ બ્રહ્મચારી પર જીવલેણ હુમલો

**આશુતોષ બ્રહ્મચારી પર ધારદાર હથિયાર વડે હુમલો કરવામાં આવ્યો છે : હુમલામાં તેઓ લોહીલુહાણ થયા**





(સંપૂર્ણ સમાચાર સેવા)

**પ્રયાગરાજ, તા.૦૮**

શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ વિરુદ્ધ કોર્ટમાં યૌન શોષણનો કેસ દાખલ કરનાર આશુતોષ બ્રહ્મચારી પર જીવલેણ હુમલો થયો છે. આ હુમલો રીવા એક્સપ્રેસ ટ્રેનમાં પ્રયાગરાજ જતી વખતે કરવામાં આવ્યો હતો. આ ઘટના ફતેહપુર અને કૌશામ્બી જિલ્લાના સિરાથુ રેલ્વે સ્ટેશન વચ્ચે બની હતી.

આશુતોષ બ્રહ્મચારી પર ધારદાર હથિયાર વડે હુમલો કરવામાં આવ્યો છે. આ હુમલામાં તેઓ લોહીલુહાણ થઈ ગયા છે. આશુતોષ મહારાજે ટ્રેનના ટોયલેટમાં પોતાની જાતને બંધ કરી દઈને પોતાનો જીવ બચાવ્યો છે. આ જીવલેણ હુમલામાં આશુતોષ મહારાજને તેમની હાલત ખતરાથી બહાર છે. એબીપી ન્યૂઝ સાથે ફોન પર થયેલી વાતચીતમાં આશુતોષ મહારાજે જણાવ્યું કે, હુમલાખોર તેમની નાક કાપવા માંગતો હતો.

તેમણે સ્વામી અવિમુક્તેશ્વરાનંદ પર હુમલાનું કાવતરું રચવાની શંકા વ્યક્ત કરી છે. હાલમાં તેઓ મેડિકલ તપાસ માટે હોસ્પિટલ જઈ રહ્યા છે. આશુતોષ બ્રહ્મચારી સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સહિત અન્ય લોકોને કાવતરાખોર ગણાવ્યા છે. આ મામલે શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ વિરુદ્ધ વધુ એક ગુનાહિત કેસ નોંધાઈ શકે છે.

આશુતોષ બ્રહ્મચારીએ સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી પર યૌન શોષણનો આરોપ લગાવ્યો હતો. ત્યારબાદ તેમણે આ બાબતે તેમની વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો. આશુતોષ બ્રહ્મચારીએ આરોપ લગાવ્યો હતો કે પૂર પ્રભાવિત વિસ્તારોમાંથી યુવાન બટુકો (ધાર્મિક વિદ્યાર્થીઓ) ને લાવવામાં આવ્યા હતા અને આશ્રમોમાં તેમની સાથે ખરાબ વર્તન કરવામાં આવ્યું હતું.

આશુતોષ બ્રહ્મચારી મહારાજે પ્રયાગરાજમાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી પર અનેક ગંભીર આરોપો લગાવ્યા હતા. તેમણે એક આશ્રમમાં ગેરવર્તનનો દાવો કર્યો હતો અને ઘણા લોકોના નામ લીધા હતા, જેમને તેમણે આરોપી ગણાવ્યા હતા. બ્રહ્મચારીએ સંત પર આરોપ લગાવતા કહ્યું હતું કે જે લોકો ગંગા મા ને ગંદી કહે છે, તેઓ ગંગામાં સ્નાન કરી શકતા નથી.

## અમેરિકાના સેન ડિએગોમાં ભારતીય નાગરિકની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વોશિંગ્ટન, તા.૦૮**

અમેરિકાના સેન ડિએગોમાં ભારતીય નાગરિક જશનપ્રીત સિંહની અમેરિકન ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE)ના અધિકારીઓએ ધરપકડ કરી છે. અધિકારીઓએ તેને ક્રિમિનલ એલિયન એટલે કે ખતરનાક ગુનેગાર જાહેર કર્યો છે. આ ધરપકડ અંગેની માહિતી સેન ડિએગોની એન્ફોર્સમેન્ટ એન્ડ રિમૂવલ ઓપરેશન્સ યુનિટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર આપી છે. અધિકારીઓએ જણાવ્યું કે, જશનપ્રીત સિંહ વિરુદ્ધ અનેક ગુનાહિત કેસ નોંધાયા છે. તેમાં ધમકી આપી લોકોમાં ડર ફેલાવવો, ઘાતક હથિયારથી હુમલો કરવો અને દારૂ પીધેલી હાલતમાં ડ્રાઈવિંગ કરવાના આરોપો સામેલ છે. હાલમાં તેને ICEની કસ્ટડીમાં રાખવામાં આવ્યો છે અને તેના વિરુદ્ધ અમેરિકાથી ડિપોર્ટ કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે.

કઈ પરિસ્થિતિમાં ધરપકડ થઈ, હજુ સ્પષ્ટ નથી.

અમેરિકન અધિકારીઓએ જણાવ્યું કે, ઈમિગ્રેશન કોર્ટમાં ચાલી રહેલી કાર્યવાહી બાદ જ નક્કી થશે કે જશનપ્રીત સિંહને અમેરિકામાંથી પાછો મોકલવામાં આવશે કે નહીં. જોકે, હજુ સુધી સ્પષ્ટ થયું નથી કે તેની ધરપકડ કઈ પરિસ્થિતિમાં થઈ અને તેની આગામી કોર્ટ હિયરિંગ ક્યારે થશે.

અમેરિકામાં જશનપ્રીત સિંહ નામ સાથે જોડાયેલો એક બીજો કેસ પણ ચર્ચામાં રહ્યો હતો. ગયા વર્ષે કેલિફોર્નિયામાં આ જ નામના ૨૧ વર્ષના ભારતીય મૂળના ટ્રક ડ્રાઈવરનો મોટો રોડ અકસ્માત થયો હતો, જેમાં ત્રણ લોકોના મોત થયા હતા. આ કેસમાં શરૂઆતમાં ટ્રક ડ્રાઈવર પર દારૂ પીધેલી હાલતમાં વાહન ચલાવવાનો આરોપ મૂકાયો હતો. જોકે, પછી આવેલી ટોક્સિકોલોજી રિપોર્ટમાં સાબિત થયું કે અકસ્માત સમયે તેના લોહીમાં દારૂ કે કોઈ નશીલા પદાર્થના અંશ નહોતા. ત્યારબાદ તેના પરથી DUIનો આરોપ હટાવી દેવામાં આવ્યો હતો.

જોકે, પ્રોસિક્યુટર્સે એ કેસમાં ત્રણ લોકોના મોત માટે ગ્રોસ નેગ્લિજન્સ સાથે વાહનથી અજાણતા હત્યા અને હાઈવે પર બેદરકારીથી વાહન ચલાવવાના આરોપો મૂક્યા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, અકસ્માત ત્યારે થયો હતો જ્યારે ટ્રક ડ્રાઈવર સમયસર વાહન રોકી શક્યો નહોતો અને એક વાહન સાથે અથડાયા બાદ અનેક વાહનોને અડફેટે લીધા હતા.

ઈરાની રાષ્ટ્રપતિએ ટ્રમ્પને આપી 'અંતિમ ચેતવણી'

# હવે આરપારની જંગ, "તમારું સપનું કબરમાં જશે પણ ઈરાન નહીં નમે"

## ઈરાનના રાષ્ટ્રપતિ ડો. મસૂદ પેઝેશ્કિયને ડોનાલ્ડ ટ્રમ્પને અત્યંત કડક ચેતવણી આપી કે, ઈરાન પોતાની માટીનો એક ઇંચ ભાગ પણ કોઈને લેવા દેશે નહીં



(સંપૂર્ણ સમાચાર સેવા)

**તેહરાન, તા.૦૮**

ઇઝરાયેલ અને અમેરિકા સાથે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે ઈરાનના રાષ્ટ્રપતિ ડૉ.મસૂદ પેઝેશ્કિયને ટ્રમ્પને અત્યંત કડક મેસેજ આપ્યો છે. પેઝેશ્કિયને ટ્રમ્પનું નામ લીધા વિના કહ્યું કે, "ઈરાન પોતાના દેશની માટીનો એક ઇંચ પણ કોઈને લેવા દેશે નહીં." રવિવારે એક ઇન્ટરવ્યુમાં રાષ્ટ્રપતિ પેઝેશ્કિયનએ જણાવ્યું હતું કે, ઈરાન પોતાની પ્રાદેશિક અખંડિતતાની રક્ષા માટે કોઈપણ ભોગે તૈયાર છે. તેમણે કહ્યું કે, "ઈરાન પોતાના દેશની માટીનો એક ઇંચ પણ છોડશે નહીં. ગમે તેટલા પડકારો આવે, અમે અમારી સંપ્રભુતા અને પ્રાદેશિક અખંડિતતાની રક્ષા કરીશું."

તેમનું આ નિવેદન અમેરિકા-ઇઝરાયેલ દ્વારા ચલાવવામાં આવી રહેલા યુદ્ધ વચ્ચે આવ્યું છે, જેમાં ઈરાન પર મોટાપાયે હવાઈ હુમલા થઈ રહ્યા છે અને તેહરાનની સૈન્ય ક્ષમતાઓને નિશાન બનાવવામાં આવી રહી છે.

પેઝેશ્કિયને જણાવ્યું હતું કે, ઈરાન આક્રમક નથી પરંતુ રક્ષણાત્મક સ્થિતિમાં છે. તેમણે પડોશી દેશોને ખાતરી આપી હતી કે, ઈરાન પ્રાદેશિક શાંતિ ઈચ્છે છે પરંતુ જો કોઈ દેશ અમેરિકન કે ઈઝરાયેલના હુમલાઓ માટે પોતાની ધરતીનો ઉપયોગ કરવા દેશે, તો ઈરાન વળતો પ્રહાર કરવામાં જરાય અચકાશે નહીં.

આ નિવેદન તાજેતરની ઘટનાઓના સંદર્ભમાં ઘણું મહત્વનું છે, જ્યાં ઈરાને અખાતી દેશો પર મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા હતા પરંતુ પેઝેશ્કિયને અગાઉ માફી માંગી હતી તેમજ હુમલા રોકવાનું વચન આપ્યું હતું. પેઝેશ્કિયને કહ્યું હતું કે, જ્યાં સુધી તે દેશો તરફથી હુમલો નહીં થાય, ત્યાં સુધી ઈરાન પડોશી દેશો પર હુમલો કરશે નહીં.

મળતી માહિતી મુજબ, રાષ્ટ્રપતિએ ઈરાની જનતાની એકતાની પ્રશંસા કરી અને કહ્યું કે, દુશ્મનો ઈરાનના આત્મસમર્પણના સપનાને પોતાની સાથે કબરમાં લઈ જશે. તેમણે આંતરરાષ્ટ્રીય કાયદા અને માનવાધિકારોનો હવાલો આપીને આક્રમણખોરોની ટીકા કરી હતી. આ નિવેદન ઈરાનની "પ્રાદેશિક અખંડિતતાની મજબૂત રક્ષા" કરવાની નીતિને ફરીથી દોહરાવે છે. પેઝેશ્કિયન પહેલા ઈરાનના સેના પ્રમુખ અને બીજા નેતાઓએ પણ આ જ વાત કહી હતી.

# નેપાળમાં બાલેન શાહની ભવ્ય જીત, ઓલીને મોટા માર્જિનથી હરાવ્યા

## પૂર્વ પીએમ ઓલીની હાર, PM મોદીએ પાઠવી શુભેચ્છા



(સંપૂર્ણ સમાચાર સેવા)

**કાઠમાંડુ, તા.૦૮**

નેપાળમાં ૫ માર્ચે થયેલા મતદાન બાદ હવે મતગણતરી ચાલી રહી છે. ત્યારે નેપાળમાં સામાન્ય ચૂંટણીના શરૂઆતી પરિણામોમાં સમીકરણો બદલતા નજરે પડી રહ્યા છે. શરૂઆતના આંકડાઓમાં બાલેન શાહની રાષ્ટ્રીય પાર્ટી સૌથી મોટી પાર્ટી બનીને ઉભરી છે. આમ, નેપાળમાં બાલેન શાહની સરકાર બનતી નજરે પડી રહી છે. વડાપ્રધાન મોદીએ શાંતિપૂર્ણ મતદાન થવા પર શુભેચ્છા પાઠવી.

નેપાળ સામાન્ય ચૂંટણીના પરિણામોમાં રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટીના વડાપ્રધાન પદના ઉમેદવાર બાલેન શાહે પ્રચંડ જીત હાંસલ કરી છે. તેમને ઝાપા જિલ્લાના મતવિસ્તાર-૫થી વિજયી જાહેર કરવામાં આવ્યા છે. અંતિમ મતદાન પરિણામો અનુસાર, બાલેન શાહને કુલ ૬૮,૩૪૮ મત મળ્યા, જ્યારે કેપી શર્મા ઓલીને આ મતવિસ્તારમાં આશરે ૧૮,૦૦૦ મત મળ્યા. તેમણે નેપાળના ભૂતપૂર્વ વડાપ્રધાન અને અગ્રણી નેતા કેપી શર્મા ઓલીને આશરે ૫૦,૦૦૦ મતોના માર્જિનથી હરાવ્યા, અને બાલેન શાહે પ્રચંડ વિજય મેળવ્યો. પાડોશી દેશ નેપાળમાં ચૂંટણી પરિણામોની જાહેરાત વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નેપાળવાસીઓને શુભેચ્છા આપી. તેમણે X પર આપેલા સંદેશમાં લખ્યું કે, નેપાળમાં ચૂંટણીઓના સફળ અને શાંતિપૂર્ણ સંચાલન પર દેશની જનતા અને સરકારને હાર્દિક શુભેચ્છા. પોતાના નેપાળી ભાઈ-બહેનોને તેમના ઉત્સાહપૂર્વક અને લોકતાંત્રિક અધિકારોનો ઉપયોગ કરતાં જોઈને ખૂબ ખુશી થાય છે. આ ઐતિહાસિક ઉપલબ્ધિ નેપાળના લોકતાંત્રિક સફરમાં એક ગૌરવપૂર્ણ ક્ષણ છે. એક ગાઢ મિત્ર અને પાડોશી હોવાના નાતે ભારત નેપાળની જનતા અને તેની નવી સરકાર સાથે મળીને શાંતિ, પ્રગતિ અને સમૃદ્ધિની નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરવા માટે પ્રતિબદ્ધ છે.

ચૂંટણી પરિણામો પછી રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટીએ તેના વિજેતા ઉમેદવારોને એક મહત્ત્વપૂર્ણ નિર્દેશ જારી કર્યો. પાર્ટીએ બધા ચૂંટાયેલા ઉમેદવારોને વિજય સરઘસો કે અન્ય કોઈ ઉજવણીના કાર્યક્રમો ન યોજવાનો આદેશ આપ્યો છે.

નેશનલ ઇન્ડિપેન્ડન્ટ પાર્ટીના ઉપપ્રમુખ અને ફેડરલ ઈલેક્શન મેનેજમેન્ટ કમિટીના સંયોજક ડી.પી. અર્યાલએ જણાવ્યું હતું કે, તાજેતરની ચૂંટણીઓમાં જીતેલા ઉમેદવારોએ તાત્કાલિક ઉજવણી કરવાને બદલે તેમના કામ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. મતદારો દ્વારા તેમને સોંપવામાં આવેલી જવાબદારીને ગંભીરતાથી લેવી જોઈએ, અને આ ઉજવણીનો સમય નથી. ડી.પી. આર્યલએ એ પણ નોંધ્યું હતું કે, આ ચૂંટણી ખાસ પરિસ્થિતિઓમાં યોજાઈ હતી, અને તેમાં Gen Z જૂથની ઘણી યુવતીઓએ પોતાના જીવનું બલિદાન આપ્યું હતું. આ વેદના હજુ સુધી ભૂલાઈ નથી, તેથી હવે ઉજવણી કરવા કરતાં તેમની જવાબદારીઓ નિભાવવાનો સમય છે.

# ઈરાને અમેરિકાની નેવી ફલીટ પર ફેંક્યા બોમ્બ, ૨૧ સૈનિકોના મોત

## ઈરાનનું કહેવું છે કે હુમલો અમેરિકાની અને ઇઝરાયલની સંયુક્ત કાર્યવાહી ઓપરેશન એપિક ફ્યુરીનો જવાબ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**તેહરાન, તા.૦૮**

ઈરાન અને અમેરિકા વચ્ચેનું યુદ્ધ શાંત થતું દેખાઈ રહ્યું નથી, હવે તે વધુ ઉગ્ર બની ગયું છે. ઈરાનના સશસ્ત્ર દળોએ દાવો કર્યો છે કે તેમણે બહેરીનમાં આવેલી અમેરિકાની ફિફ્થ નેવી ફ્લીટને નિશાન બનાવી છે. ઈરાનના દાવા મુજબ આ હુમલામાં ૨૧ અમેરિકન સૈનિકો માર્યા ગયા છે અને ઘણા ઘાયલ થયા છે. રિપોર્ટ અનુસાર, આ ઘટના ત્યારે બની જ્યારે વિસ્તારમાં તણાવ વધી રહ્યો હતો અને અમેરિકન નેવી તથા ઈરાની સૈન્ય વચ્ચે અથડામણ થઈ હતી. હુમલાના સમયે અનેક સૈન્ય મથકો અને કેમ્પસને નિશાન બનાવાયા હતા, જેના કારણે ઈરાનના સૈનિકોને ભારે નુકસાન થયું.

ઈરાને બહેરીનની રાજધાની મનામાના જુફૈર વિસ્તારમાં આવેલી યુનાઈટેડ સ્ટેટ્સ નેવી ફિફ્થ ફ્લીટના મુખ્ય મથક પર તાજેતરમાં હુમલો કર્યો છે. ઈરાની મીડિયા દ્વારા એક વીડિયો પણ જાહેર કરવામાં આવ્યો છે, જેમાં હુમલા પછી ત્યાં આગ લાગેલી દેખાય છે. અમેરિકાની આ ફિફ્થ ફ્લીટ નેવલ સપોર્ટ એક્ટિવિટી બહેરીનમાં આવેલી છે અને મધ્ય પૂર્વમાં અમેરિકાની સૌથી મહત્વપૂર્ણ સૈન્ય હાજરી માનવામાં આવે છે.

**હવે જાણો અમેરિકાની ફિફ્થ ફ્લીટ વિશે :** આ નેવી ફ્લીટ લગભગ ૨૫ લાખ ચોરસ માઈલ દરિયાઈ વિસ્તારમાં પેટ્રોલિંગ કરે છે. તેમાં પર્શિયન ગલ્ફ, રેડ સી અને અરબ સાગરનો સમાવેશ થાય છે. મુખ્ય કામ સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી પસાર થતી વેપાર અને તેલ સપ્લાયને સુરક્ષિત રાખવું અને આંતરરાષ્ટ્રીય વેપારી જહાજોની સુરક્ષા કરવી છે. આ દુનિયાના સૌથી મહત્વપૂર્ણ તેલ માર્ગોમાંથી એક છે, જ્યાંથી વિશ્વના મોટા ભાગના તેલની હેરફેર થાય છે. સામાન્ય રીતે આ ફ્લીટમાં ૮૦૦૦થી વધુ નેવી સૈનિકો તૈનાત હોય છે, અનેક યુદ્ધપોત, એરક્રાફ્ટ કેરિયર, પનડુબ્બી અને ડ્રોન સિસ્ટમ્સ પણ સામેલ છે. ફિફ્થ ફ્લીટ કમ્બાઈન્ડ મેરિટાઈમ ફોર્સિસ નામના ૪૦થી વધુ દેશોના દરિયાઈ ગઠબંધન સાથે મળીને પણ કામ કરે છે. તેનો ઉદ્દેશ દરિયાઈ ડાકૂઓને રોકવા, આતંકવાદ સામે લડવું અને વેપારી જહાજોની સુરક્ષા કરવી છે. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ IRGCએ બેલિસ્ટિક મિસાઈલ અને શાહેદ-૧૩૬ ડ્રોનથી અહીં હુમલો કર્યો હતો. સેટેલાઈટ તસવીરો અને વીડિયો મુજબ બેઝમાંથી કાળો ધુમાડો ઉઠતો જોવા મળ્યો હતો. રિપોર્ટ અનુસાર, આ હુમલામાં રડાર સિસ્ટમ, સર્વિસ બિલ્ડિંગ અને સેટેલાઈટ કમ્યુનિકેશન સાધનોને ભારે નુકસાન થયું હતું. અમેરિકન અધિકારીઓએ કહ્યું હતું કે હુમલાના સમયે સૈનિકો બંકરમાં હતા. વિસ્તારમાં વધતા તણાવ વચ્ચે ઓછામાં ઓછા ત્રણ અમેરિકન સૈનિકોના મોતની પુષ્ટિ થઈ હતી, જોકે બહેરીન બેઝ પર મોતની કોઈ પુષ્ટિ થઈ નથી.

ઈરાનનું કહેવું છે કે, આ હુમલો અમેરિકાની અને ઈઝરાયલની સંયુક્ત કાર્યવાહી ઓપરેશન એપિક ફ્યુરીનો જવાબ છે. ઈરાનના જણાવ્યા મુજબ, આ ઓપરેશનમાં તેમના ઘણા વરિષ્ઠ નેતાઓને નિશાન બનાવાયા હતા. હુમલાથી પહેલાં પણ અમેરિકાએ વિસ્તારમાં પોતાની નેવીની તૈનાતી વધારી દીધી હતી. રિપોર્ટ અનુસાર, તૈનાત અમેરિકન નેવી ફ્લીટનો લગભગ એક તૃતીયાંશ ભાગ ઈરાનને રોકવા માટે આ વિસ્તારમાં મુકાયો હતો.




ફિલ્મનો પહેલો ભાગ ૨૦૨૬ની દિવાળી પર રિલીઝ થશે

# રનબીર કપૂરે મુંબઈમાં 'રામાયણ ૨'નું શૂટિંગ શરૂ કર્યું










## સની દેઓલ પણ ૨૦ માર્ચથી ફિલ્મનાં શૂટમાં જોડાવાનો છે, જે આ ફિલ્મમાં હનુમાનજીનો રોલ કરે છે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

રનબીર કપૂરે 'રામાયણ ૨' માટે શૂટિંગ શરૂ કરી દીધું છે, સેટ પરથી લાંબા વાળની વીગ સાથે તેના ફોટો પણ વાયરલ થયા હતા. સાથે જ રનબીર કપૂરના કલીન શેવ લૂકની પણ ચર્ચા થઈ હતી. રનબીરે હવે મુંબઈમાં 'રામાયણ ૨'નું શૂટિંગ શરૂ કરી દીધું છે. આવનારા થોડાં દિવસોમાં તે ફિલ્મનાં બીજા ભાગના મહત્વના સીનનું શૂટ કરશે.

શરૂઆતમાં રનબીર કપૂર માર્ચમાં 'લવ એન્ડ વૉર'નું શૂટિંગ કરવાનો હતો. પરંતુ તાજેતરમાં ઉઠેલા ભણસાલીની તબિયત અંગેના અહેવાલો પછી તેનું શૂટ થોડું પાછળ ઠેલાયું હોવાના અહેવાલ છે, તેથી ફિલ્મ થોડી પાછી ઠેલાઈ છે. તેથી હવે એવા અહેવાલ છે કે મે ૨૦૨૬માં ફિલ્મનું શૂટ આગળ વધશે. હવે જ્યારે 'લવ એન્ડ વૉર'નું શૂટ પાછું ઠેલાતાં રનબીરે પોતાનું ધ્યાન 'રામાયણ ૨' પર આપવાનું નક્કી કર્યું.

સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, "રનબીર માર્ચ અને મે વચ્ચે આ ફિલ્મનું મોટા ભાગનું શૂટિંગ પૂરું કરી નાખવા માગે છે. હાલ તેનો ક્લીન શેવ લૂક પણ રામાયણના શૂટ માટે જ છે. જેનાથી પહેલા ભાગની વાર્તા આગળ વધશે."

સન્ની દેઓલ પણ ૨૦ માર્ચથી ફિલ્મનાં શૂટમાં જોડાવાનો છે, જે આ ફિલ્મમાં હનુમાનજીનો રોલ કરે છે. શૂટિંગનાં આ તબક્કામાં રનબીર અને સની વચ્ચે પણ મહત્વના સીનનું શૂટ પૂરું કરવામાં આવશે. આ શૂટ ઘણું મહત્વનું રહેશે, જે રામાયણના મોટા સ્કેલને પણ આકાર આપશે. નિતેશ તિવારીની આ ફિલ્મમાં રનબીર કપૂર અને સાઇ પલ્લવી રામ અને સીતાના રોલમાં જોવા મળશે. આ ફિલ્મ નિર્ણિત મલ્હોત્રા દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે. આ ફિલ્મનો પહેલો ભાગ ૨૦૨૬ની દિવાળી પર રિલીઝ થશે.

૧૭૦૦ ચોરસ ફૂટના ફલેટનો સોદો કર્યો

# પ્રીતિ ઝિન્ટાએ ૧૮ કરોડમાં મુંબઈનો ફ્લેટ વેચ્યો





(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

**પ્રીતિ ભારત ઉપરાંત અમેરિકામાં પણ પ્રોપર્ટી ધરાવે છે. આ ફ્લેટ સાથે ત્રણ પાર્કિંગનો પણ સમાવેશ છે.**

પ્રીતિ ઝિન્ટાએ મુંબઈના પાલી હિલ વિસ્તારનો પોતાનો ૧૭૦૦ થી વધુ સ્કે.ફૂટનો ફલેટ ૧૮.૫ કરોડમાં વેચ્યો છે. આ ફલેટ બિલ્ડિંગના ૧૧મા માળ પર આવેલો હતો. તેણે આ ફલેટ ખરીદ્યો ન હતો. પરંતુ, આ ફલેટ તેને ૨૦૨૩માં બિલ્ડિંગના રિડેવલપમેન્ટ પ્રોજેક્ટના ભાગરુપે મળ્યો હતો. પ્રીતિ ભારત ઉપરાંત અમેરિકામાં પણ પ્રોપર્ટી ધરાવે છે. આ ફલેટ સાથે ત્રણ પાર્કિંગનો પણ સમાવેશ છે. આ ફલેટનું રજિસ્ટ્રેશન બીજી માર્ચના રોજ થયું હતું. જેના માટે ૧.૧૧ કરોડ રૂપિયા સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવામાં આવી હતી.

# ગ્લોબલ સ્ટાર પ્રિયંકા ઓસ્કર ૨૦૨૬નાં પ્રેઝેન્ટરની યાદીમાં સામેલ

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

પ્રિયંકા ચોપરા ખરા અર્થમાં ગ્લોબલ સ્ટાર બની ગઈ છે, આંતરરાષ્ટ્રિય સ્તરે પ્રખ્યાત ઈવેન્ટ અને મંચ પર તેની હાજરી સમગ્ર દેશ માટે ગૌરવની ક્ષણ હોય છે. હવે તેણે પોતાનાં ઈન્સ્ટાગ્રામ પર અપડેટ શેર કરી છે, એક તરફ એકેડેમી એવોર્ડ્સના ૧૫ માર્ચે તેના લાઈવ પ્રસારણ માટે તૈયારી શરૂ થઈ ગઈ છે. બીજી તરફ હવે પ્રિયંકાએ પોતાના ચાહકો સાથે ઈન્સ્ટાગ્રામ પર એક નવી અપડેટ શેર કરી, જેમાં તેણે સત્તાવાર પ્રેઝેન્ટર્સની યાદીનો એક સ્નેપશોટ પોસ્ટ કર્યો હતો. તેમાં ઓસ્કાર એવોર્ડ્ઝના પ્રઝન્ટર્સની યાદીમાં તેનું નામ અનેક જાણીતા હોલીવૂડ વ્યક્તિત્વો સાથે જોવા મળે છે. પ્રિયંકા સાથે યાદીમાં રોબર્ટ ડાઉની જુનિયર, એન હેથવે, વિલ આર્નેટ, પોલ મેસ્કલ અને ગ્વિનેથ પેલ્ટ્રો પણ સામેલ છે. આ યાદીમાં તેનાં સમાવેશને આંતરરાષ્ટ્રીય મનોરંજન અને એવોર્ડ સર્કિટમાં તેની સતત હાજરી માટે વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિ તરીકે જોવામાં આવે છે.

વૈશ્વિક સિનેમાની સૌથી મોટા સમારોહમાંથી એક ગણાતા ઓસ્કર્સમાં સામાન્ય રીતે વિશ્વભરના જાણીતા અભિનેતાઓ અને ફિલ્મમેકર્સ વિવિધ કેટેગરીમાં એવોર્ડ રજુ કરતા જોવા મળે છે. સમારોહમાં પ્રેઝેન્ટર તરીકે પ્રિયંકાની હાજરી તેનાં વધતા ગ્લોબલ પ્રોફાઈલને વધુ મજબૂત બનાવે છે. આ વર્ષો દરમિયાન તેણે હોલિવૂડ પ્રોજેક્ટ્સ અને આંતરરાષ્ટ્રીય ઈન્ડસ્ટ્રી ઈવેન્ટ્સમાં સતત હાજરી જાળવી રાખી છે અને મોટા વૈશ્વિક મંચો પર ભારતીય પ્રતિભાનું પ્રતિનિધિત્વ કર્યું છે. થોડાં વખત પહેલાં જ તેની ફેન્ટસી ડ્રામા સિરીઝ ધ બ્લફ પ્રાઈમ વીડિયો પર રિલીઝ થઈ છે, જેમાં તેણે કાર્લ અર્બન સાથે અભિનય કર્યો છે. તેની સાહસિક કથાવસ્તુ તથા ભવ્યતા માટે ચર્ચામાં છે. પ્રિયંકા હાલ પોતાની આવનારી ભારતીય ફિલ્મ વારણસી શૂટિંગ પૂર્ણ કરવામાં વ્યસ્ત છે. આ ફિલ્મમાં મહેશ બાબુ મુખ્ય ભૂમિકામાં છે અને તેનું ડિરેક્શન એસ. એસ. રાજામૌલી કરી રહ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ્સ પર વધુ ધ્યાન કેન્દ્રિત કર્યા બાદ આ ફિલ્મ સાથે પ્રિયંકા લગભગ સાત વર્ષ પછી ભારતીય સિનેમામાં વાપસી કરી રહી છે. આ ફિલ્મ સિવાય પ્રિયંકા પાસે સ્પાય થ્રિલર સીરિઝ સિટાડેલની બીજી સીઝન પણ પાઈપલાઈનમાં છે. અભિનય સિવાય તે પોતાનાં પ્રોડક્શન અને અન્ય ગ્લોબલ કોલબરેશન્સમાં પણ સક્રિય છે. ઓસ્કર સમારોહને હવે થોડા જ દિવસોની વાર છે, ત્યારે પ્રિયંકા ચોપરા જોનાસનું પ્રેઝેન્ટર તરીકેનું સ્થાન આ પ્રતિષ્ઠિત સમારોહમાં ભારતીય હાજરીને વધુ મજબૂત બનાવે છે અને ભારત તેમજ વિશ્વભરના ચાહકોનું ધ્યાન આકર્ષે છે.

સલમાન ખાન એપ્રિલ ૨૦૨૬થી આ ફિલ્મ માટે શૂટિંગ શરૂ થશે

# સલમાન ખાને દિલ રાજુ અને વામશી પૈડીપલ્લી સાથે એક્શન થ્રિલર સાઇન કરી

## એક્શન થ્રિલર ફિલ્મનું શુટિંગ પુરૂ કર્યા બાદ સલમાન, રાજ નિદિમોરુ અને ક્રિશ્ના ડિ.કે સાથે સુપરમેન પ્રોજેક્ટ પર કામ શરૂ કરી શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

સલમાન ખાને દિલ રાજુ અને ઊપિરિ અને મહર્ષિ જેવી ફિલ્મોના નેશનલ એવોર્ડ વિજેતા ડિરેક્ટર વામશી પૈડીપલ્લી સાથે એક એક્શન થ્રિલર ફિલ્મ સાઈન કરી છે. આ અંગેના અહેવાલો અનુસાર આ એક મોટા બજેટની ફિલ્મ છે. જોકે, આ ફિલ્મનું નામ હજુ જાહેર કરવામાં આવ્યું નથી. પરંતુ એપ્રિલથી તેનું શૂટિંગ શરૂ થઈ રહ્યું છે. આ ફિલ્મમાં સલમાન ખાન ક્યારેય જોવા નથી મળ્યો એવા અવતારમાં જોવા મળશે.

સુત્રોના જણાવ્યા મુજબ, આ પ્રોજેક્ટને ભવ્ય કક્ષાનો તૈયાર કરવામાં આવી રહ્યો છે અને તેમાં હિન્દી તેમજ સાઉથ ઈન્ડિયન ફિલ્મ ઈન્ડસ્ટ્રીના અનેક મોટા કલાકારોનો સમાવેશ થશે. નિર્માતાઓ હાલ ફિલ્મની લીડ એક્ટ્રેસ માટે એક છ-લિસ્ટ અભિનેત્રી સાથે ચર્ચા કરી રહ્યા છે, પરંતુ ફાઈનલ કાસ્ટિંગ હજુ જાહેર કરવામાં આવ્યું નથી. "સલમાનને સ્ક્રિપ્ટ અને



તેમાં રહેલી કમર્શિયલ બાબતો ખુબ ગમી છે. આ એક હાઈ-ઓક્ટેન એક્શન થ્રિલર છે જેમાં મજબુત ભાવનાત્મક બાબતો પણ છે.

વામશી પૈડીપલ્લીસલમાન ખાનને સંપૂર્ણ નવા અવતારમાં, અલગ લુક સાથે રજૂ કરવાની યોજના બનાવી રહ્યા છે, જે બાબતે સલમાન પણ ઘણો ઉત્સાહીત છે." આ ફિલ્મ સલમાનની આગામી ફિલ્મ બેટલ ઓફ ગલવાન પછીની તેની આગામી ફિલ્મ હશે. એવા પણ અહેવાલો છે કે સલમાન ખાન તેના અન્ય પૂર્વઆયોજિત કામ પુરા કરીને પછી આ પ્રોજેક્ટ પર કામ શરૂ કરશે. દિલ રાજુ જે પ્રકારના ભવ્ય પ્રોડક્શન માટે જાણીતા છે અને વામશી પૈડીપલ્લીની કમર્શિયલ સ્ટોરીટેલિંગ માટેની પસંદગી સાથે આ કોલબરેશન ઈન્ડસ્ટ્રીને આશ્ચર્યચકિત કરી શકે છે. "આ ફિલ્મને મોટા પાયે થિયેટ્રિકલ સ્પેક્ટેકલ તરીકે ડિઝાઈન કરવામાં આવી છે અને તેમાં મજબુત પૅન ઈન્ડિયા અપીલ હશે. શૂટિંગ એપ્રિલમાં શરૂ થવાનું છે અને નિર્માતાઓ ૨૦૨૭માં મોટા પડદા પર ફિલ્મ રિલીઝ કરવાનું લક્ષ્ય રાખી રહ્યા છે."

રસપ્રદ વાત એ છે કે, આ એક્શન થ્રિલર પુરી કર્યા બાદ સલમાન ખાન રાજ નિદિમોરુ અને ક્રિશ્ના ડિ.કે સાથે સુપરમેન પ્રોજેક્ટ પર કામ શરૂ કરી શકે છે, જે એક કોમિક એક્શન સુપરહીરો ફિલ્મ હોવાનું કહેવાય છે. આ રીતે સલમાને પણ હવે સાઉથ તરફ ગતિ કરી હોવાની ચર્ચા છે.

<u>દિવાળી બાદ ભરપૂર મોર ખીલ્યો હતો</u>

# વલસાડના આંબાના મોર ખરવા લાગ્યા, હાફૂસ કેરીના ઉત્પાદન પર થશે અસર



**બદલાતા વાતાવરણે ખેડૂતોની ચિંતામાં વધારો કરી નાંખ્યો**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**વલસાડ, તા.૦૮**

હાફૂસ કેરીનો ગઢ ગણાતા વલસાડ જિલ્લામાં ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. સિઝનની જ્યારે શરૂઆત થઈ હતી ત્યારે આંબા પર સારું ફ્લાવરિંગ થતા ખેડૂતોની ખુશીનો પાર ન હતો. પરંતુ જેમ જેમ દિવસો જતા ગયા તેમ તેમ વાદળછાયું વાતાવરણ અને ગરમીને કારણે કેરીના પાક પર અસર થઈ છે. વલસાડ જિલ્લામાં આ વખતે પણ કેરીના પાકમાં મોટું નુકસાન થવાની શક્યતાઓ જોવાઈ રહી છે. હાફૂસ કેરીનું ઓછું ઉત્પાદન થવાને કારણે બજારમાં કેરીની કિંમતો વધારે હોવાની પણ ભીતિ સેવાઈ રહી છે.

આ વર્ષે દિવાળી બાદ વલસાડ જિલ્લામાં આંબાવાડીઓમાં આંબા ઉપર ભરપૂર મોર ખીલ્યો હતો. આથી આ વર્ષે ખેડૂતોને કેરીના પાકનું બમ્પર ઉત્પાદન થશે તેવી આશા હતી. જોકે થોડા સમય અગાઉ અચાનક બદલાયેલા વાતાવરણને કારણે દિવસો સુધી વાદળછાયું વાતાવરણ સાથે વહેલી સવારે ધુમ્મસ છવાઈ જતું હતું.

ત્યાર બાદ હવે સવારે ઠંડી અને બપોરે તીવ્ર ગરમી પણ પડી રહી છે. જેની સીધી અસર કેરીના પાક પર થઈ રહી છે. આથી આંબા ઉપર આવેલા મોટાભાગનો મોર ખરી રહ્યા છે.

હવે વહેલી સવારે ઠંડી અને બપોરે ભારે ગરમીને કારણે આંબા ઉપર ફૂટેલી કેરીની કણ પણ ખરી રહી છે.

કેરીના પાક અંગે વલસાડના ખેડૂતે જણાવ્યું છે કે, અમે ૧૦ વર્ષ પહેલા ૭૦૦-૮૦૦ મણ કેરી પકવતા હતા આ વર્ષે તો અમને ૧૦૦ મણ કેરીનો પાક આવે તેવી પણ આશા નથી. વધુ એક ખેડૂતે જણાવ્યું છે કે, નવેમ્બર ડિસેમ્બરમાં અમને લાગતું હતું કે, અમારે કેરીનો પાક સારો રહેશે પરંતુ પછીથી જે વાદળછાયું વાતાવરણ છવાયું જેના કારણે મોર ખરવા લાગ્યા છે. હવે ગરમી પડી રહી છે. તેથી ગરમી પડશે કે નહીં પડે તે અંગે કાંઈ કહી શકાય નહીં.

આ સાથે અન્ય એક ખેડૂતે જણાવ્યું છે કે, આ વખતે દિવાળી પછી પુષ્કળ ફ્લાવરિંગ હતું. જેથી અમે તેનું માવજત કરી અને દવાઓનો પણ છંટકાવ કર્યો હતો તો પણ વાદળ આવવાને કારણે અને અત્યારે ગરમી ચાલુ થવાને કારણે કેરીનો પાક જવા પર જ છે. ઝાડ પર જે મોર લાગેલા છે તે કાળા પડી ગયા છે અને તેમાં રહેલી કણી પીળી થઈને ખરવા લાગી છે. છેલ્લા પાંચ વર્ષથી જે રીતે કેરીનો પાક નિષ્ફળ જાય છે તેવી જ રીતે આ વર્ષે પણ પાક નિષ્ફળ જવાની ભીતિ છે.

# યુદ્ધની સ્થિતિ વચ્ચે કોસ્ટલ પોલીસે દમણથી ઉમરગામ દરિયા કિનારે કોસ્ટલ પેટ્રોલિંગ કર્યું





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૮**

જ્યારે કોઈ આતંકવાદી ઘટના બને ત્યારે સમયગાળો કટોકટી અને અગત્યનો હોય છે. તેજ પ્રમાણે આતંકવાદી ઘટના તુરંત બાદનો સમયગાળો હાઈ એલર્ટનો સમય અગત્યનો હોય છે. ઉપરોક્ત બંન્ને સમયગાળા કરતા પણ વધુ અગત્યનો સમયગાળો હાઈ એલર્ટ બાદ થાળે પડેલી નોર્મલ બનેલી પરિસ્થિતિ દરમિયાનનો હોય છે. આ સમયગાળામાં જો પુરતી તકેદારી રાખવામા આવે તો ઉપર મુજબ કટોકટી પૂર્ણ સમયગાળાઓમાંથી પસાર થવું પડતુ નથી.

આ બાબતો ધ્યાને લઈ ગુજરાત રાજ્યના દરીયાઈ સુરક્ષાની અતિ મહત્વપૂર્ણ કામગીરી સંભાળતા અધિક પોલીસ મહાનિરીક્ષકશ્રી અમિતકુમાર વિશ્વકર્મા, પોલીસ મહાનિરીક્ષકશ્રી દરિયાઈ સુરક્ષા ગાંધીનગર શ્રી પી.એલ.માલ તથા મરીન સેક્ટર કમાન્ડર અને પોલીસ અધિક્ષકશ્રી હજીરા સુરતશ્રી એસ.જે.પરમારનાઓના માર્ગદર્શન હેઠળ ઉમરગામ મરીન સેક્ટર લીડર, નાયબ પોલીસ અધિક્ષકશ્રી એ. એમ.ફુગસીયા તથા મરીન ટીમ લીડર પીએસઆઈ શ્રી એસ.એસ.પઠાન અને મરીન કમાનડોનાઓ સાથે તા. ૦૫/૦૩/૨૦૨૬ના રોજ સઘન કોસ્ટલ પેટ્રોલીંગ અતંર્ગત દમણ કેન્દ્ર શાસીત પ્રદેશના હદથી વલસાડ જિલ્લાના કોલક ગામથી ઉદવાડા ગામ સુધીના દરિયાકાંઠા વિસ્તારમાં પેટ્રોલીંગ કરેલ જેમાં મરીન કમાન્ડોની અલગ અલગ ટીમો દ્વારા શંકાસ્પદ બોટ, શંકાસ્પદ ઈસમો, અવાવરૂ જગ્યાઓનું ચેકીંગ હાથ ધરવામાં આવેલ હતું.

# વિશ્વ મહિલા દિવસે નારી શક્તિ સન્માન સાથે વિશ્વાસ ઈન્સ્ટિટ્યૂટ વાપીનો ત્રીજો વાર્ષિકોત્સવ ભવ્ય રીતે ઉજવાયો

**સ્કૂલ ફોર એક્સલન્સનો પ્રથમ વાર્ષિકોત્સવ પણ ઉજવાયો: SFE અને CA ફાઉન્ડેશન પુસ્તકનું વિમોચન કરાયું**








**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૮**

વિશ્વ મહિલા દિવસ (૮ માર્ચ)ના પાવન અવસર પર નારી શક્તિના સન્માન સાથે વિશ્વાસ ઈન્સ્ટિટ્યૂટનો ત્રીજો વાર્ષિકોત્સવ તથા સ્કૂલ ફોર એક્સલન્સનો પ્રથમ વાર્ષિકોત્સવ ભવ્ય અને અનોખી રીતે ઉજવાયો હતો. કાર્યક્રમનું આયોજન શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સલવાવના વચનામૃત હોલમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત વાલીઓ, વિદ્યાર્થીઓ અને મહાનુભાવોની હાજરીમાં કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત માતા સરસ્વતીની વંદના સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ મહિલા શક્તિના સન્માન રૂપે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા શ્રી વિદ્યાનિકેતન સ્કૂલના ડાયરેક્ટર તથા વલસાડ જિલ્લા સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ એસોસિએશનના મહામંત્રી ડૉ. મિત્તલ ધાખડા, બીજલ પટેલ, મોનીષાબેન પાટીલ, સંગીતાબેન સુંદરભાઈ જૈન, મનીષાબેન શિરીષભાઈ હિરપરા, ભાવિનીબેન સોનીનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

વિશ્વાસ ઈન્સ્ટિટ્યૂટના પ્રણેતા અને શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સલવાવના મેનેજિંગ ટ્રસ્ટી પૂરાણી સ્વામી કપિલજીવનદાસજીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, સનાતન સંસ્કૃતિમાં નારીને સર્વોચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે. ‘‘સીતા-રામ, રાધા-કૃષ્ણ, ઉમા-મહેશ અને લક્ષ્મી-નારાયણ જેવા દેવી-દેવતાઓના નામોમાં પણ પ્રથમ સ્થાન દેવીને આપવામાં આવ્યું છે. જ્યાં નારીનું સન્માન થાય છે ત્યાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ વધે છે,’’ એમ જણાવ્યું હતું. વધુમાં તેમણે વિશ્વાસ ઈન્સ્ટિટ્યૂટના સતત ઉત્તમ પરિણામોની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે, સંસ્થાના વિદ્યાર્થીઓ છેલ્લા ત્રણ વર્ષથી ૧૦૦ ટકા પરિણામો મેળવી રહ્યા છે, જે સંસ્થાની શિક્ષણ પ્રણાલી અને શિક્ષકોની મહેનતનું ઉત્તમ ઉદાહરણ છે.

આ અવસરે વિશેષ અતિથિ તરીકે સંબોધન કરતા ડૉ. મિત્તલ ધાખડાએ જણાવ્યું હતું કે વાપી-વલસાડ જિલ્લામાં પ્રતિભાની કોઈ કમી નથી, પરંતુ યોગ્ય માર્ગદર્શન જરૂરી છે. તેમણે વાલીઓને સંબોધતા કહ્યું કે, ‘‘જો તમે એકવાર ડૉ. શૈલેષ લુહારનો હાથ પકડ્યો છે તો ક્યારેય છોડશો નહીં. વિદ્યાર્થીઓને દરેક મુશ્કેલીમાં માર્ગદર્શન આપતા એવા શિક્ષક તરીકે તેઓ સફળતાનો માર્ગ બતાવી રહ્યા છે.’’

કાર્યક્રમ દરમિયાન SFE અને CA ફાઉન્ડેશન માટે તૈયાર કરાયેલા વિશેષ પુસ્તકનું મહેમાનોના હસ્તે ભવ્ય વિમોચન કરવામાં આવ્યું હતું.

વિશ્વાસ ઈન્સ્ટિટ્યૂટની બ્રાન્ચ હેડ વલ્લરી શાહે વાર્ષિક અહેવાલ રજૂ કરતાં જણાવ્યું હતું કે, સંસ્થાના બોર્ડ પરીક્ષાની તૈયારી માટે તૈયાર કરાયેલા પ્રશ્નપત્રોમાંથી ૬૫ થી ૯૩ ટકા પ્રશ્નો બોર્ડમાં સમાન આવતાં વિદ્યાર્થીઓમાં આનંદનો માહોલ જોવા મળ્યો હતો. છેલ્લા ત્રણ વર્ષથી વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહમાં સંસ્થાના વિદ્યાર્થીઓ સતત ૧૦૦ ટકા પરિણામ આપી રહ્યા છે.

સ્કૂલ ફોર એક્સલન્સના હેડ ભાર્ગવ દેસાઈએ સંસ્થાની એક વર્ષની પ્રગતિ રજૂ કરી હતી અને જણાવ્યું હતું કે, દેશભરના પ્રતિષ્ઠિત શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને JEE અને NEET જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયાર કરવામાં આવી રહી છે. આ અવસરે ‘‘સ્ટુડન્ટ ઓફ ધ યર’’ સહિત વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને મેડલ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમોએ ઉપસ્થિત મહાનુભાવો અને વાલીઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રીચા સિંગ, આકાંક્ષા સિંગ અને વલ્લરીબેન શાહે કર્યું હતું.

# વલસાડ પોલીસની સરાહનીય કામગીરી, અકસ્માતમાં ઘાયલ થયેલ યુવાનનો કિંમતી સામાન પરત કર્યો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૮**

વલસાડ સિટી પોલીસ મથકના એક કર્મચારીએ પ્રામાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી માનવતા મહેકાવી છે. ગત તા.૦૩-૦૩-૨૦૨૬ ના રોજ પારડી પાસે નેશનલ હાઈવે નં.૪૮ પર વાપીથી સુરત તરફ જતાં માર્ગ પર ફાઉન્ટન હોટલ નજીક એક અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં પારડી જીઆઈડીસીમાં રહેતા રમજાનઅલી રહેમત અલી સૈયદ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા, જેમને તાત્કાલિક સારવાર અર્થે વલસાડ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. અકસ્માત સ્થળેથી પોલીસને ઈજાગ્રસ્તની રોકડ રકમ અને કિંમતી દસ્તાવેજો મળી આવ્યા હતા. શનિવારે બપોરે ૧.૩૦ કલાકે વલસાડ સિટી પોલીસ મથકના યુપીસી રિંકલભાઈએ ઈજાગ્રસ્ત પરિવારને પોલીસ મથકે બોલાવીને રૂા.૧૬,૫૦૦ ની રોકડ રકમ સહિત આધાર કાર્ડ, એટીએમ કાર્ડ, બેંક પાસબુક અને વોટિંગ કાર્ડ જેવા તમામ કિંમતી દસ્તાવેજો સુરક્ષિત રીતે સુપ્રત કર્યા હતા. અકસ્માતના કપરા સમયે પોલીસ કર્મચારીએ દાખવેલી આ પ્રામાણિકતા અને ત્વરિત કામગીરી જોઈને પરિવારે ગદગદિત થઈ પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો. પોલીસની આ ઉમદા કામગીરીની જિલ્લાભરમાં પ્રશંસા થઈ રહી છે.

<u>સંઘર્ષ અને માતૃત્વનો વિજય</u>

# વાપીની ૯ મહિલા સંગઠનોએ નિરાધાર વૃદ્ધાના અદમ્ય સાહસને બિરદાવ્યું






**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૮**

કહેવાય છે કે, ‘મા’ ક્યારેય થાકતી નથી, અને આ ઉક્તિને વાપીની એક સંઘર્ષશીલ મહિલાએ સાર્થક કરી બતાવી છે. પોતાના પુત્ર અને પુત્રવધૂના નિધન બાદ, છેલ્લા ૧૦ વર્ષથી અત્યંત કપરી પરિસ્થિતિમાં પણ પોતાના પૌત્ર-પૌત્રીનું જતન કરનાર આ મહિલાના સન્માનમાં વાપીના વિવિધ સંગઠનો ઉમટી પડ્યા હતા.

**સંઘર્ષની અનોખી મિસાલ:** આ વૃદ્ધાએ જીવનના આકરા તડકા-છાંયડા જોયા છે. ઘરમાં કમાનાર કોઈ ન હોવા છતાં, તેમણે હિંમત હાર્યા વગર બીજાના ઘરે કામકાજ કરીને ગુજરાન ચલાવ્યું છે. ઉંમરના આ પડાવે પણ તેઓ દરરોજ મહેનત મજૂરી કરવા જાય છે જેથી તેમના નાતી-નાતિન (પૌત્ર-પૌત્રી) શિક્ષણથી વંચિત ન રહી જાય. તેમની આ જીજીવિષા અને બાળકો પ્રત્યેના સમર્પણને જોઈ સમાજ નતમસ્તક થયો છે.

આ પ્રેરણાદાયી સાંજને યાદગાર બનાવવા માટે મુસ્કાન એનજીઓ સાથે વાપીની અગ્રણી ૯ સંસ્થાઓ જોડાઈ હતી. જેમાં વિપ્ર મહિલા મંડળ અને મહારાષ્ટ્ર મહિલા મંડળ, લાયન્સ ક્લબ ભિલાડ અને લાયન્સ ક્લબ અલ્ફા, માન્યા એનજીઓ અને કન્નડ સંઘ, વુમન એમ્પાવર ક્લબ (ડાયમંડ અને ઉડાન). આ તમામ સંસ્થાઓએ સંયુક્ત રીતે આ મહિલાનું સન્માન કરી તેમને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત લોકોની આંખો આ માજીની સંઘર્ષગાથા સાંભળી ભીની થઈ ગઈ હતી. આ સન્માન માત્ર એક વ્યક્તિનું નહીં, પણ સ્ત્રી શક્તિ અને મક્કમ મનોબળનું સન્માન બની રહ્યું હતું.

<u>સુરત સાયકલિંગ ટીમ દ્વારા</u>

# દરિયાકિનારે સ્વચ્છતા અભિયાન યોજાયું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ઓલપાડ, તા.૦૮**

સુરત સાયકલિંગ ટીમ દ્વારા દરિયાકિનારે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. શ્રી ધર્મેન્દ્રભાઈ પટેલ અને એમની ટીમ દ્વારા દરિયાકિનારે સ્વચ્છતા અભિયાન અંતર્ગત વિશાળ સ્વચ્છતા ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાનનો મુખ્ય હેતુ પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવાનો અને સમાજમાં સ્વચ્છતા અંગે સકારાત્મક સંદેશ ફેલાવવાનો રહ્યો હતો. ટીમનાં સભ્યોએ ઉત્સાહપૂર્વક દરિયાકિનારે ફેલાયેલ પ્લાસ્ટિક અને અન્ય કચરો એકત્રિત કરી સ્વચ્છતા કાર્ય કર્યું હતું. સ્થાનિક નાગરિકોએ પણ આ કાર્યથી પ્રેરણા લઈ તેમાં સહભાગીતા દર્શાવી હતી.

આ સમગ્ર આયોજન શ્રી ધર્મેન્દ્રભાઈ પટેલ દ્વારા સુચારુ અને વ્યવસ્થિત રીતે કરવામાં આવ્યું હતું. તેમનાં માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો. સુરત સાયકલિંગ ટીમ ભવિષ્યમાં પણ આવા સામાજિક અને પર્યાવરણલક્ષી કાર્યક્રમો યોજી સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવા પ્રતિબદ્ધ છે.

# ‘‘કપડા સિવડાવવા જાઉં છું’’ કહીને નીકળેલી બગવાડાની ૨૨ વર્ષીય સંગીતા લાકરા ગુમ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**



**વલસાડ, તા.૦૮:** પારડી તાલુકાના બગવાડા ગામમાં વિનોદ રણછોડભાઈની ચાલીમાં રૂમ નં.૦૨માં રહેતા ૩૧ વર્ષીય સુર્યા ધુરા લાકરા અને ૨૨ વર્ષીય તેની પત્ની સંગીતા કંપનીમાં નોકરી કરતા હતા. તા.૨૩/૦૨/૨૬ના રોજ કંપનીમાં રજા હોવાથી બંને ઘરે જ હતા. સાંજે ૫.૩૦ વાગ્યના સુમારે સંગીતા ગામમાં કપડા સીવડાવવા માટે જાઉ છું એમ કહી નીકળી હતી. સાંજ થવા છતાં પણ તે પરત ન ફરતા પતિએ શોધખોળ આદરી હતી પરંતુ કોઈ પત્તો લાગ્યો ન હતો. જેથી પત્ની ગુમ થયાની જાણ પારડી પોલીસ મથકે કરી હતી. ગુમ થનાર સંગીતા શરીરે પાતળો બાંધો, ઘઉવર્ણ અને પાંચ ફૂટ ઉંચાઈ ધરાવે છે. જે આસામી અને હિન્દી ભાષા જાણે છે. જે કોઈને પણ સંગીતાની ભાળ મળે તો પારડી પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

# વાપી ચલાથી ૧૭ વર્ષીય અવની સોલંકીનું અપહરણ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા. ૦૮**



વાપીના ચલા ખાતે ભાગ્યોદય સોસાયટીમાં હરિઓમ એપાર્ટમેન્ટના ફ્લેટ નં.૪૦૨માં રહેતા વિજય કનુભાઈ સોલંકીની ૧૭ વર્ષીય પુત્રી અવનીનું તા.૨૬/૦૨/૨૦૨૬ના રોજ સાંજે ૪-૩૦ થી ૫-૦૦ વાગ્યાના સમયગાળા વચ્ચે કોઈ અજાણ્યો ઈસમ તેના પિતાના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયો હોય અથવા તે ક્યાંક ચાલી ગઈ હોવાનું જણાયું હતું. જેથી પરિવારજનોએ સગીર દીકરી અવનીની શોધખોળ આદરી હતી પરંતુ કોઈ પત્તો લાગ્યો ન હતો. જેથી પરિવારજનોએ વાપી ટાઉન પોલીસ મથકે જાણ કરી હતી. ગુમ અવની સોલંકી શરીરે પાતળો બાંધો, ઘઉવર્ણ અને પાંચ ફૂટ ઉંચાઈ ધરાવે છે. શરીરે ગુલાબી તથા સફેદ રંગની ડિઝાઈનવાળો પંજાબી ડ્રેસ પહેર્યો હતો. જે કોઈને પણ તેણીની ભાળ મળે તો વાપી ટાઉન પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
torrent POWER DNHDD
DNHDD PDCL, વિદ્યુત ભવન, ૬૬ કેવી રોડ, આમલી, સિલવાસા-૩૯૬૨૫૦. મો. ૬૩૫૭૫૫૭૭૭૭,
ઈ-મેઈલ: consumerforumdnhdd@torrentpower.com

**DNH વિસ્તારના વીજ ગ્રાહકો માટે જાગૃતિ અભિયાન**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમની રચના ભારતના વિદ્યુત અધિનિયમ ૨૦૦૩ની જોગવાઈ મુજબ કરવામાં આવેલ છે અને જે ઉપરોક્ત સરનામે કાર્યરત છે.

આ ફોરમનું મુખ્ય કાર્ય DNHDD PDCLના વીજ ગ્રાહકોની તેમના વીજ સર્વિસ કનેક્શન સંબંધિત ફરિયાદો જેવી કે વીજ જોડાણ, વીજ બિલ તથા વીજ વિતરણ સીસ્ટમ અને વીજ ગ્રાહકોના જાનમાલની સેફટીની બાબતોને લગતી કોઈ પણ પ્રકારની ફરિયાદોનું વીજ કંપની દ્વારા તેમને સંબંધિત નિયમો અંતર્ગત ઉકેલ કે નિવારણ નિયત સમય મર્યાદામાં ન કરવામાં આવ્યું હોય અથવા તો વીજ ગ્રાહક આવા ઉકેલ / નિવારણથી સંતુષ્ટ ન હોય તો ઉપરોક્ત ફોરમ દ્વારા આવી ફરિયાદો બાબતે બન્ને પક્ષોને સાંભળીને ફરિયાદોનું તટસ્થ અને સચોટ નિવારણ કરવા માટે કાર્યરત છે.

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, DNHDD PDCL દ્વારા, વીજ ગ્રાહકો માટે ફોરમ તથા કન્ઝ્યુમર રાઈટસની જાણકારી અને જાહેર સંપર્ક માટે નો ફોરમ દ્વારા જાગૃતિ અભિયાન કાર્યક્રમનું આયોજન નીચે જણાવ્યા મુજબ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં વીજ કંપનીના અધિકારીઓ પણ ભાગ લેશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા આપ સૌને આમંત્રણ છે.

**સ્થળ : રખોલી પંચાયત**
**તારીખ : ૧૨.૦૩.૨૦૨૬**
**સમય : સવારે ૧૧:૩૦ થી ૧૨:૩૦ કલાક**

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Damam (U.T.)

# વલસાડ જિલ્લામાં ઉદ્યોગોમાં પીએનજી ગેસ કાપ સામે વૈકલ્પિક બળતણ ઉપયોગનો માર્ગ ખુલ્યો: જીપીસીબીએ મંજૂરી આપી





**નાણામંત્રી કનુભાઈ દેસાઈની ત્વરીત કાર્યવાહી બાદ ઉદ્યોગોને મોટી રાહત મળીઃ ત્રણ મહિના બાદ સમિક્ષા થશે**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૮**

ઈરાન-ઈઝરાયલ-અમેરિકા વચ્ચે ચાલી રહેલ ભિષણ યુધ્ધની માઠી આડ અસરની શરૂઆત થઈ ચૂકી છે. વાપી, સરીગામ, ઉમરગામ જીઆઈડીસીના ઉદ્યોગો ઉપર જોવા મળી છે. વાપીમાં અંદાજીત ૨૦૦૦ જેટલા નાના-મોટા ઉદ્યોગો ૭૦ ટકા પીએનજી ગેસ ઉપર નિર્ભર છે. યુધ્ધની સ્થિતિમાં ગુજરાત ગેસ કંપનીએ તાત્કાલિક અસરથી ૫૦ ટકા ગેસ કાપ કરવામાં આવતા ઉદ્યોગોની ચિંતામાં વધારો થઈ ચૂક્યો છે. જેની માઠી અસર પડી શકે છે. કેટલાક ઉદ્યોગોને તાળા પણ લાગી જાય. ઉદ્યોગો ઉપર ઉભી થયેલી આ વિષમ સ્થિતિનો વૈકલ્પિક માર્ગ પણ ખુલ્યો છે. ઉદ્યોગો પી.એન.જી. કાપ સામે અન્ય વૈકલ્પિક બળતણ ઉપયોગ કરી શકશે.

ઉદ્યોગો પર ઉભી થયેલી પી.એન.જી. ગેસ કાપની ઉભી થયેલી ચિંતાજનક સ્થિતિમાં નાણામંત્રી કનુભાઈ દેસાઈ આગળ આવ્યા છે. વી.આઈ.એ. દ્વારા રજૂ કરાયેલ સ્થિતિ બાદ તુરંત નાણામંત્રીએ જી.પી.સી.બી. ચેમ્બર સેક્રેટરીને પત્ર લખી રજૂઆત કર્યાના કલાકોમાં જ જી.પી.સી.બી.એ તુરંત પરિપત્ર જાહેર કરીને એપ્રુવ્ડ લિક્વીડ ક્યુબનો બળતણ માટે મંજુરી આપી દીધી છે. તેથી ઉદ્યોગોને જીવનદાન મળ્યું છે. નાણામંત્રીએ લીધેલી ત્વરીત એકશનનું પરિણામ હવે જિલ્લાના ઉદ્યોગોમાં રાહતની લાગણી છે. વૈકલ્પિક બળતણનો ઉપયોગ કરી શકશે. જી.પી.સી.બી.એ જણાવ્યું છે કે, આંતરરાષ્ટ્રીય સ્તરે ગેસ પુરવઠાનો યુધ્ધને લીધે વિક્ષેપ પડ્યો છે. ભારતને મળતા ગેસ સપ્લાયમાં મોટો ઘટાડો થયો છે. તેની વિપરીત અસર ઉદ્યોગો પર પડી રહી છે. હાલમાં ગેસ આધારીત ઉદ્યોગો ગેસના અભાવે જી.પી.સી.બી. માન્યતા પાત્ર પ્રવાહી બળતણ (એપ્રુવ્ડ લિક્વીડ ફ્યુલ)નો ઉપયોગ કરી શકશે. તેના માટે અલગથી મંજુરી લેવાની જરૂર નથી. જેવી કે સીટીસી અને સીસીઆર મેળવવાની રહેશે નહીં. અલબત્ત બોર્ડને વિગતવાર જાણ કરવાનો રહેશે તેમજ ત્રણ મહિનાના અંતે બોર્ડ દ્વારા સમિક્ષા કરવામાં આવશે.

# સેલવાસમાં જિલ્લા સ્તરીય રમતોત્સવ યોજાયો

**દાનહ જિ.પં.ના મુખ્ય કાર્યકારી અધિકારી અરૂણ ગુપ્તાએ રમતોત્સવનું કરેલું ઉદ્‌ઘાટન**



**પ્રથમ દિવસે શાળા અને ઝોન સ્તરની સ્પર્ધાઓમાં વિજેતા બનેલા ખેલાડીઓની યોજાયેલી સ્પર્ધા**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સેલવાસ, તા.૦૮**

દાનહ જિલ્લા પ્રશાસન અને શિક્ષણ વિભાગ દ્વારા સ્ટેડિયમ ગ્રાઉન્ડ સેલવાસ ખાતે જિલ્લા સ્તરીય રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું ઉદ્‌ઘાટન જિલ્લા પંચાયતના મુખ્ય કાર્યકારી અધિકારી શ્રી અરૂણ ગુપ્તાના હસ્તે કરવામાં આવ્યું હતું.

પ્રારંભમાં શાળા સ્તરીય અને ઝોન સ્તરની સ્પર્ધાઓમાં વિજેતા બનેલા ખેલાડીઓની જિલ્લા સ્તરીય રમત-ગમત સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં સેલવાસ નગરપાલિકા વિસ્તારની શાળા અને જિલ્લા પંચાયત હેઠળ આવતી શાળાના બે હજારથી વધુ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. આ સ્પર્ધામાં વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિજેતા ખેલાડીઓને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ અવસરે દાનહ જિલ્લા પંચાયના ઉપ પ્રમુખ શ્રી વિનયભાઈ ગિભલ, શિક્ષણ વિભાગના અધિકારી શ્રી પરિતોષભાઈ ભટ્ટ, જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી જયેશભાઈ ભંડારી, શ્રી બલવંત પાટીલ, શ્રી ગૌરાંગભાઈ વોરા, શાળાના આચાર્ય, શિક્ષકો સહિત મોટી સંખ્યામાં ખેલાડીઓ અને વિવિધ શાળાનાવિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# યુઆઈએ ચૂંટણી જંગ ફોર્મ ચકાસણીમાં ત્રણ દાવેદારી રદ્



**૧૫ સભ્યોનું કદ ધરાવતી બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી માટે હવે ૩૧ ઉમેદવારો મેદાનમાં હોવાથી બે પેનલ સામસામે ટકરાવાની શક્યતા પરંતુ અંતિમ ચિત્ર ૧૫મી માર્ચે ફોર્મ પરત ખેંચવાના દિવસે સ્પષ્ટ થશે**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સરીગામ, તા.૦૮**

આગામી ૨૭મી માર્ચે યોજનારી ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા વર્ષ ૨૦૨૬-૨૦૨૮ની ટર્મ માટે બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી પ્રક્રિયામાં આજરોજ ફોર્મ ચકાસવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ત્રણ ફોર્મ રદ થતા ૩૧ ઉમેદવારો મેદાનમાં છે. પરંતુ અંતિમ ચિત્ર ફોર્મ પરત ખેંચવાની તારીખ ૧૫મી માર્ચ પછી જ સ્પષ્ટ થશે. માન્ય ઉમેદવારોમાં (૧) બંથિયા નરેશભાઈ (૨) ભરવાડ ભગવાનભાઈ (૩) ભટ્ટ કેયુરભાઈ (૪) ચંદન ચિરાગભાઈ (૫) ચૌરસિયા રત્નેશ્વર (૬) ગાંધી મયુરભાઈ (૭) ગુપ્તા અશોકભાઈ (૮) હિંમતરામકા અનુપભાઈ (૯) હિરાણી નીતિનભાઈ (૧૦) જૈન નિલેશભાઈ (૧૧) જૈન પ્રવીણભાઈ (૧૨) જૈન રમેશભાઈ (૧૩) જૈન સમ્યક (૧૪) કાપડિયા બીનલ (૧૫) લાઢા બ્રિજગોપાલ (૧૬) માંગે નવીનભાઈ (૧૭) નાયક ધર્મેશભાઈ (૧૮)પાંચાલ કેતનભાઈ (૧૯) પાંચાલ કિરીટભાઈ (૨૦) પાંચાલ વિપુલભાઈ (૨૧) પુથાવાલા નિરજભાઈ (૨૨) રાવ શેષગિરી (૨૩) શાહ આશિષકુમાર (૨૪) શાહ ધીરેન્દ્ર (૨૫) શાહ મેહુલભાઈ (૨૬) શાહ વિવેકભાઈ (૨૭) શેખ મૂસાભાઈ (૨૮) થામન પ્રશાંતભાઈ (૨૯) વર્મા પ્રકાશભાઈ (૩૦) વિજાન શ્યામભાઈ (૩૧) વોહરા તાહેરભાઈનો સમાવેશ થાય છે.

અત્રે નોંધનીય છે કે, તાજેતરની યોજાઈ રહેલી ચૂંટણીમાં નિર્માણાધીન હાસ્પિટલ પ્રોજેક્ટ કેન્દ્ર સ્થાને છે. પૂર્વ પ્રમુખ અને હાલમાં ચૂંટણી લડી રહેલા શ્રી નરેશભાઈ બંથીયાના કાર્યકાળમાં હોસ્પિટલ પ્રોજેક્ટની નીમ મૂકવામાં આવી હતી અને એમની પ્રમુખ તરીકેની ઈનિંગ પણ યાદગાર અને ઉમરગામની ઔદ્યોગિક વસાહત માટે મહત્વની સાબિત થઈ હતી. જેના પરિણામે ઘણા ઉદ્યોગપતિઓએ ઈચ્છા વ્યક્ત કરતા ફરી ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું હોવાનું જણાઈ રહ્યું છે.

જોકે, ફોર્મ પરત ખેંચવાની તારીખ ૧૫મી માર્ચ સુધીમાં ઘણા પાસા ઉલટ ફેર કરવાનો પ્રયાસ કરવામાં આવશે એમાં બે મત નથી. હાલમાં ચૂંટણીનું પરિણામ કોના પક્ષમાં આવે એ આંકલન કરવું ઉતાવળ ભર્યુ છે. પરંતુ સમય પર ઊંટને પડખુ ફેરવવાની ફરજ પડશે એવી ઉદ્યોગપતિઓમાં ચર્ચા છે.

# સેલવાસની શ્રીમતી દેવકીબા મોહનસિંહ ચૌહાણ કોલેજમાં, મુંબઈ યુનિવર્સિટીના ‘સેન્ટર ફોર ડિસ્ટન્સ એન્ડ ઓનલાઈન એજ્યુકેશન’નો શુભારંભ





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સેલવાસ, તા.૦૮**

સેલવાસની શ્રીમતી દેવકીબા મોહનસિંહ ચૌહાણ કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સ, કોલેજમાં લાયન્સ ક્લબ ઓફ સેલવાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત મુંબઈ યુનિવર્સિટી દ્વારા ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રમાં મહત્ત્વપૂર્ણ અને ઐતિહાસિક અધ્યાયના ઉમેરા સાથે ‘સેન્ટર ફોર ડિસ્ટન્સ એન્ડ ઓનલાઈન એજ્યુકેશન’નો શુભારંભ કરવામાં આવ્યો છે.

કાર્યક્રમ ‘એક્સપ્રેશન ઓફ એક્સલન્સ’ની પ્રેરણાદાયી થીમની સાથે આયોજીત કરવામાં આવ્યો હતો, જે ડિજિટલ શિક્ષણના નવા યુગની શરૂઆતનું પ્રતીક બન્યું છે. કાર્યક્રમની શરૂઆત ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી ફત્તેહસિંહ ચૌહાણના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો. આ પહેલ સાથે સેલવાસમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ડિજિટલ શિક્ષણના નવા અધ્યાયનો પ્રારંભ થતાં વિદ્યાર્થીઓને દૂરસ્થ અને ઓનલાઈન માધ્યમથી ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રાપ્ત કરવાનો નવો અવસર પ્રાપ્ત થશે.

સરગમ સેન્ટર ફોર ડિસ્ટન્સ એન્ડ ઓનલાઈન એજ્યુકેશન મુંબઈ યુનિવર્સિટીના નિર્દેશક પ્રો. ડો. શિવાજીએ ડિજિટલ અને દૂરસ્થ શિક્ષણ આજના સમયમાં વિદ્યાર્થીઓને ગુણવતાયુક્ત શિક્ષણ પહોંચાડવા સશક્ત માધ્યમ બન્યું છે.

આ અવસરે જનસંપર્ક મુંબઈ યુનિવર્સિટીના ઉપ રજીસ્ટ્રાર ડો. લીલાધર વાસુદેવ બંસોડ મીડિયાની ભૂમિકા પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, આ શૈક્ષણિક પહેલને સમાજ સુધી પહોંચાડવામાં મીડિયાની મહત્ત્વની ભૂમિકા રહેતી હોય છે.

આ અવસરે સેલવાસ ચેરીટેબલ ટ્રસ્ટના સચિવ શ્રી કુલદીપ સિંહ મુન્દ્રા, સંયુક્ત કોષાધ્યક્ષ શ્રી હિરાભાઈ પટેલ, ટ્રસ્ટના સભ્ય શ્રી અભિષેકસિંહ ચૌહાણ, ડો. અનુકુલ નિકમ સહિત શાળા અને કોલેજના આચાર્યશ્રીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડ જિલ્લા અને સંઘપ્રદેશમાં યુદ્ધની આડ અસર, ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો

**ઘરેલું સિલિન્ડરમાં ૬૦ રૂપિયા અને કોમર્શિયલ સિલિન્ડરમાં ૧૧૫ રૂપિયાનો ભાવ વધારો ઝીંકાયો**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૮**

વર્તમાન સમયમાં વિશ્વના ૧૪ જેટલા દેશો યુદ્ધમાં સપડાઈ ચૂક્યા છે. જેની અસર સમગ્ર વિશ્વમાં શરૂ થઈ ચૂકી છે. ખાસ કરીને પેટ્રોલીયમ પેદાશની અછત ઉભી થઈ ચૂકી છે. વલસાડ જિલ્લા અને સંઘપ્રદેશમાં ગેસ સિલિન્ડરમાં ભાવ વધારો થઈ ચૂક્યો છે. યુદ્ધની આડ અસરો ગૃહિણીઓ આમજનો ઉપર પડવાની શરૂ થઈ ચૂકી છે.

વલસાડ અને સંઘપ્રદેશમાં એલ.પી.જી. ઘરેલું રસોઈ ગેસ સિલિન્ડર અને કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો ઝીંકાયો છે. ઘરેલું ગેસ સિલિન્ડર ૧૪:૦૦ કિલો સિલિન્ડરના ભાવમાં ૬૦ રૂપિયા એટલે કે ૮૬૨.૫૦ રૂપિયાની જગ્યાએ ૯૨૨.૫૦ રૂપિયા થયો છે. જ્યારે કોમર્શિયલ સિલિન્ડર ૧૯ કિલોગ્રામમાં ૧૧૫ રૂપિયા એટલે ૧૭૩૬ રૂપિયાની જગ્યાએ નવો ભાવ ૧૮૫૨ રૂપિયા થઈ ગયો છે. ગેસ સિલિન્ડરનો ભાવમાં વધારો આમ સામાન્ય જનતાની કમર તોડશે એ નક્કી છે.

જોકે, પેટ્રોલ-ડિઝલના ભાવ વધ્યા નથી. ભારત સરકારના જણાવ્યા મુજબ ૪૫ દિવસનો પર્યાપ્ત પુરવઠો છે. સપ્લાય ચેઈન પણ યથાવત ચાલી રહી છે. પેટ્રોલ કે ડિઝલ નથી મળતું કે ઓછું મળશે તેવી અફવાઓ પ્રજાએ દુર રહેવું જરૂરી છે.

# વાપી જીઆઈડીસીમાં ધૂળેટીમાં ચપ્પુથી ઘાતક હુમલો કરનાર બે આરોપી ઝડપાયા

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા. ૦૮**



વાપી જીઆઈડીસી વિસ્તારમાં ધૂળેટી પર્વની ઉજવણી દરમિયાન નજીવી બાબતે થયેલી બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કર્યુ હતું. એક કંપનીમાં કામ કરતા શ્રમિકો સ્પીકર વગાડી ગુલાલ ઉડાડી રહ્યા હતા, ત્યારે સ્પીકર વગાડવા જેવી સામાન્ય બાબતે સત્યમગીરી નામના શખ્સ સાથે તકરાર થઈ હતી. આ અદાવત રાખીને રાત્રિના સમયે સત્યમગીરીએ તેના ભાઈ રોશનગીરી અને બનેવી રૂપકગીરીને બોલાવી ચંદનસીંગ અને તેના ભાઈઓ પર જીવલેણ હુમલો કર્યો હતો. હુમલાખોરોએ ચપ્પુ અને પથ્થર વડે કરેલા આ હુમલામાં બે સગા ભાઈઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

ઘટનાની વિગતો મુજબ, આરોપી રૂપકગીરીએ ચંદનસીંગના પેટના ભાગે ચપ્પુનો ઘા ઝીંકી દીધો હતો, જ્યારે સત્યમગીરીએ પથ્થર મારી આંખમાં ઈજા પહોંચાડી હતી. વચ્ચે બચાવવા પડેલા નાના ભાઈ ગુડુસીંગને પણ પીઠના ભાગે ચપ્પુ મારી ગંભીર ઈજા કરવામાં આવી હતી. હાલ બંને ભાઈઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. વાપી જીઆઈડીસી પોલીસે ત્વરિત કાર્યવાહી કરી આરોપી સત્યમગીરી અને રોશનગીરીની ધરપકડ કરી લીધી છે, જ્યારે મુખ્ય હુમલાખોર રૂપકગીરી હજુ ફરાર હોવાથી તેને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# આજથી તા.૩૧ માર્ચ સુધી વાપી રેલવે ફાટક ૨૨ દિવસ સુધી બંધ રહેશે : જર્જરીત ટ્રેક મરામત કરાશે

**વાહન ચાલકોને તકલીફ પડશે પરંતુ બલીઠા પુલ સામે રેલવે ગરનાળું કાર્યરત છે તેથી વૈકલ્પિક સુવિધા મળી રહેશે**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૮**

વાપી પૂર્વ-પશ્ચિમ અવર જવર માટે મહત્ત્વનો વિકલ્પ એવા જુનુ રેલવે ફાટક આવતીકાલ તા.૦૯ માર્ચથી તા.૩૧ માર્ચ સુધી ૨૨ દિવસ માટે બંધ કરવાનો નિર્ણય રેલવે તંત્ર દ્વારા લેવામાં આવ્યો છે.

આ અંગે સત્તાવાર ડો.પ્રોજેક્ટ મેનેજર (રેલવે) મનોજ દાસે જણાવ્યું છે કે, એક્ઝિક્યુટીવ એન્જિનિયર જિલ્લા કલેક્ટર, પોલીસ અધિક્ષક, વાપી પાલિકા સહિત સંબંધિત વિભાગોને જાણ કરી દેવાઈ છે. વાહન ચાલકો ડાઈવર્ઝનનો ઉપયોગ કરી શકશે. વાપી પૂર્વ-પશ્ચિમ અવર જવર માટે રેલવે જુનો અંડરપાસ, બલીઠા પુલ સામેનો નવો અંડરપાસ અને બલીઠા ફાટક પુલ ઓવરબ્રિજનો ઉપયોગ કરી શકાશે પરંતુ વાહન ચાલકો માટે ૨૨ દિવસ દુવિધા ભોગવવી રહી. રેલવેએ જણાવ્યું છે કે, જર્જરીત ટ્રેકની મરામત કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

# અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર લાખોની ડોલર કરન્સી સાથે વલસાડના એક મહિલા અને પુરુષ ઝડપાયા


**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૮**


વર્તમાન સમયે આંતરરાષ્ટ્રીય સ્તરે ઈઝરાયલ-ઈરાનની ચાલી રહેલી વિષમ યુધ્ધની સ્થિતિને લઈ સુરક્ષા એજન્સીઓ સતકર્જ હાઈ એલર્ટમાં છે તેથી અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ઉપર મુસાફરોની સઘન ચેકિંગ કામગીરી એજન્સીઓ કરી રહી હતી તે દરમિયાન વલસાડના એક સ્ત્રી અને પુરુષને અમેરીકન ડોલર કરન્સી સાથે ઝડપી પાડ્યા હતા.

અમદાવાદ સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ બેંગકોક જવા રવાના થઈ રહેલી ફલાઈટમાં જઈ રહેલા વલસાડના સ્ત્રી, પુરુષનો સામાન સુરક્ષા એજન્સીએ ચેકિંગ કર્યુ તો ચોંકાવનારી વિગત સામે આવી હતી. બેગમાં અમેરીકન ડોલર કરન્સી લાખોમાં મળી આવી છે. કહેવાય છે કે આ કરન્સી ૬૪ લાખની હતી. મુસાફરોની ઘનિષ્ઠ પૂછપરછ કરાતા બન્ને મુસાફર વલસાડના હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. અધિકારીઓએ મળેલી બાતમી આધારે ચેકિંગની કાર્યવાહી કરી હતી.

# ઉમરગામના દહાડની તક્ષશિલા સોસાયટીમાં રખડતા કુતરાઓના ત્રાસથી રહિશો પરેશાનઃ મામલો પોલીસ સુધી પહોંચ્યો

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૮**





ઉમરગામના દહાડ ગામે આવેલી તક્ષશિલા સોસાયટીમાં રખડતા કુતરાઓના ત્રાસના કારણે રહીશોનું જીવન મુશ્કેલ બન્યું છે. સોસાયટીમાં કુતરાઓ દ્વારા અવારનવાર રાહદારીઓ પાછળ દોડવું, ભસવું અને ગંદકી ફેલાવવાની સમસ્યાથી સ્થાનિકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, વિવાદ ત્યારે વકર્યો જ્યારે સોસાયટીના કેટલાક લોકો દ્વારા સોસાયટીની અંદર અને ગેટ પાસે કુતરાઓને નિયમિતપણે ખોરાક અને બિસ્કિટ નાખવામાં આવે છે. આ પ્રેક્ટિસના કારણે કુતરાઓનો જમાવડો સોસાયટી પરિસરમાં જ રહે છે, જેના લીધે અસ્વચ્છતા અને સતત ભસવાનો અવાજ રહેવાસીઓ માટે મોટી મુસીબત બની ગયો છે. એક તબક્કે આ બાબતે સોસાયટીમાં ઘર્ષણ થતા પોલીસને બોલાવવી પડી હતી. જોકે, હાલ સમજાવટથી મામલો શાંત પડ્યો છે.

સ્થાનિકોનો આક્ષેપ છે કે, જે લોકો કુતરાઓને ખવડાવે છે તેઓ જો ખરેખર જીવદયા પ્રેમી હોય, તો તેમણે સોસાયટીની બહાર જમીન કે મકાન રાખીને પોતાની સેવા કરવી જોઈએ, જેથી અન્ય રહીશોને હાલાકી ન ભોગવવી પડે. વધુમાં, રહીશોએ આરોગ્ય વિભાગ અને સ્થાનિક તંત્ર પર બેદરકારીનો આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, સોસાયટીમાં પાલતુ પ્રાણીઓ રાખવાના નિયમોનું પાલન થતું નથી. રહીશોએ માંગ કરી છે કે તંત્ર આ મામલાને ગંભીરતાથી લઈ તાત્કાલિક અસરથી સોસાયટીમાં નિયમિત સફાઈ અને દવાનો છંટકાવ કરાવે, જેથી રોગચાળો ફેલાતો અટકે અને સ્થાનિકોને શાંતિપૂર્ણ જીવન મળે.